**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત**

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः । (ઋગ્વેદ : ૧-૮૯-૧)
ચારેય દિશાઓથી અમને કલ્યાણકારી વિચારો પ્રાપ્ત થાઓ.

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

## વાર્ષિક સામાન્ય સભા

**: મિટીંગ નું સ્થળ :**

**ધરતી વિકાસ મંડળ**

વિજયનગર પેટ્રોલ પંપની સામે,
નારણપુરા, અમદાવાદ.





**: મિટીંગ ની તારીખ :**

૦૧-૦૫-૨૦૨૨

**: મિટીંગનો સમય :**

સવારે ૧૦.૦૦ થી ૧૩.૦૦ સુધી

# સ્વાગતમ્

તા.ક. સામાન્ય સભામાં આજીવન સભ્યશ્રીઓ જ હાજર રહી શકે છે અને મત આપી શકે છે.

श्री महालक्ष्म्यै नमः उतिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत महालक्ष्मी प्रसन्नाऽस्तु

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી"

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત. રજી. નં. A/3352, Ahmedabad

# શ્રીગૌડ જાગૃતિ
## મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી કમલેશ એસ. પાઠક, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ ૨૦૨૨ | www.sssgujarat.org

**મંત્રી**
**શ્રી યોગેશ શુક્લ**
**મો. ૯૮૨૪૦ ૫૮૭૯૯**

**ખજાનચી**
**શ્રી પ્રવિણ પુરોહિત**
**મો. ૯૮૨૪૩૫૮૨૯૭**

**તંત્રી**
**પ્રિ.ડો. બંસીધર ઉપાધ્યાય**
**મો. ૯૮૨૪૪ ૦૬૩૮૧**

**સંપાદક**
**શ્રી રાજેશ પંડ્યા**
**મો. ૯૯૯૮૭ ૧૬૫૭૭**

**તંત્રી મંડળ**
**શ્રી જયંત જોષી**
**મો. ૯૬૦૧૯ ૯૫૫૬૭**
**શ્રી રાજેશ દવે**
**મો. ૮૯૧૦૦ ७૧૨૭૯**
**શ્રી ધ્રુવ શુક્લ**
**મો. ૯૪૨૯૩ ૫૫૬૫૩**
**શ્રી મનોજ જોષી**
**મો. ૯૪૨૬૩ ૬૨૫૨૭**
**શ્રી પાર્થ પાઠક**
**મો. ૯૫૧૦૧૮૭૨૦૧**

# આવો આપણે સૌ સમાજના સભ્યો ઉમળકાભેર, હર્ષોલ્લાસથી પરિવાર, મિત્રમંડળ સાથે સામાન્ય સભામાં ઉપસ્થિત રહીએ...!

**તંત્રી સ્થાનેથી...**


સમસ્ત શ્રીગૌડ સમાજના સૌ વડિલો, મુરબ્બીઓ, મિત્રો, ભગિનીઓ સૌને સસ્નેહ નમસ્કાર, જય મહાલક્ષ્મી.

કોરોનાની વૈશ્વિક મહામારીમાંથી મુક્ત થઈ, હવે સૌ ક્ષેમ કુશળ રીતે આપણા નિજ કાર્યમાં રત થઈ ગયા હશો. સૌની કુશળતા વાંછું છું અને આ કપરા કાળમાં જે દિવંગત થયા છે તે સૌના દિવ્યાત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરું છું.

મિત્રો, સમય જ એવો આવ્યો કે આપણે મોટી સંખ્યામાં મળી શક્યા નથી, સામાન્ય સભા ગોઠવી શક્યા નથી કે વિશિષ્ટ કાર્યો કરી શક્યા નથી છતાં વારંવાર મનમાં ખટક્યા કરતું હતું કે ક્યારે સૌ મળીએ ! એક મેકના સુખ-દુઃખમાં ભાગીદાર થઈ પરસ્પરના કાર્યમાં ઓતપ્રોત થવાનો પ્રયત્ન કરીએ અને એ સમય આવી ગયો છે. આપણા સમાજના પ્રમુખશ્રી અને તેમની ટીમે આ સમયનું વાતાવરણ મળવા યોગ્ય થયું કે તરુંત જ સામાન્ય સભા (AGM)નું આયોજન તા. ૦૧-૦૫-૨૦૨૨ના રોજ નારણપુરા, અમદાવાદમાં ધરતીવિકાસ મંડળના હોલમાં રવિવારે સવારમાં મળવાનું ગોઠવ્યું છે. તંત્રી તરીકે પૂર્વ પ્રમુખના નાતે અને વર્ષોથી સમાજના સક્રિય સભ્ય તરીકે પ્રમુખશ્રી અને તેમની સક્રિય ટીમ વતી આપ સૌને હાર્દિક આમંત્રણ પાઠવું છું અને વિનંતી પણ કરું છું કે ગરમીનું કે સમયનું બહાનું

કાઢી આપ આવવાનું ટાળ્યા વિના મોટી સંખ્યામાં આપ પધારો અને સંઘે શક્તિ કલૌ યુગે એ ઉક્તિને સાર્થક કરીએ. મિત્રો સંહતિઃ કાર્ય સાધિકા એ ન્યાયે આવતા વર્ષોમાં આપણે વધુ મજબૂત થઈ, સંગઠિત થઈને આગળ વધવું પડશે. ઘણું કામ થયું છે. આપણી વેબસાઈટ, કુટુંબ એપમાં સમસ્ત શ્રીગૌડ સમાજની એપ બની, સરનામાંની ઉપલબ્ધ માહિતી મુજબ નવી યાદી તૈયાર થઈ રહી છે. હાર્ડ કોપી તો નહિ પણ PDF દ્વારા 'જાગૃતિ'ની પ્રસિદ્ધ દર ત્રણ મહિને કરવામાં આવે છે. શ્રીગૌડ જાગૃતિ તંત્રી મંડળના વૉટ્સઍપ ગ્રુપમાં આપ માહિતી મોકલી આપના સારા નરસા સમાચાર, શ્રદ્ધાંજલિ, જાહેરાત, અવસાન નોંધ વગેરે આપી શકો છો. એ રીતે જ આ અંક તૈયાર થયો છે. આ અગાઉ પણ અમે PDF અંક પ્રસિદ્ધ કર્યો જ છે. આવાં અને બીજાં નાનાં મોટાં કાર્યો થાય છે જ. આપણી અમદાવાદમાં આવેલી સમાજની દેવઓરમ બિલ્ડિંગની ઑફિસમાં કારોબારીની, ટ્રસ્ટી મંડળની મિટિંગો ગોઠવી આગળની પ્રવૃત્તિઓનું પણ વિચાર-વિમર્શ કરીએ છીએ. પોશ વિસ્તારમાં આવેલી શ્રી મિહિરભાઈ પંડ્યાની મિલક્તની સમાજના હિતમાં આપવી અને તેને પ્રમુખશ્રી કમલેશભાઈ પાઠક, મંત્રીશ્રી યોગેશ શુક્લ, ખજાનચી પ્રવીણ પુરોહિત સહિતના સર્વે કારોબારી મિત્રો અને ટ્રસ્ટી મંડળ સુંદર રીતે વહન કરી રહ્યા છે તેની સર્વેની જાણકારી, વિચાર વિમર્શ સૌ સાથે સામાન્ય સભામાં કરીશું.

પુનઃ આપ પધારો. અસ્તુ.



પ્રિ.ડૉ. બંસીધર એન. ઉપાધ્યાય,

તંત્રીશ્રી, જાગૃતિ, મુખપત્ર - સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

**આપને ત્યાં સારા-નરસા પ્રસંગે જાગૃતિને દાન આપો અને અપાવો. વિગતો નીચે મુજબ છે.**

**ખાસ નોંધ : બેંકની વિગત નોંધી લેશો.**

એકાઉન્ટ નામ : સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૮૩૯૦૯૨

બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર (૦૮૦૫૩)

**IFS Code : SBIN0008053**


**E-mail - shreegaudjagruti2019@gmail.com**

**Website - https://samastshreegaudsamajgujarat.org**

**Facebook- https://www.facebook.com/samastshreegaudsamaj/**

**ઑફિસનું સરનામું : સી-૨૧૨, દેવ ઓરમ, પ્રહ્લાદનગર, આનંદનગર રોડ, અમદાવાદ.**

## મંત્રીશ્રીનો અહેવાલ

વ્હાલા સ્નેહી શ્રીબંધુઓ,

નમસ્કાર.



આપ સૌને જણાવતા આનંદ થાય છે કે આપણું સને ૨૦૧૯-૨૦નું વર્ષ એકંદરે ઘણુ સારું રહ્યું. આ વર્ષમાં આપણે સમાજના તેજસ્વી તારલાઓને મેડલ અને ટ્રોફીથી સન્માનીત કરવાનો કાર્યક્રમ "અભિનંદન" સફળતાપૂર્વક ખૂબ સારી રીતે ઉજવ્યો. આ કાર્યક્રમને સફળ બનાવવા આપ સૌએ સોવેનિયર દ્વારા આર્થિક યોગદાન તથા અન્ય રીતે યથાશક્તિ યોગદાન આપ્યું તે માટે સૌનૌ ખૂબ ખૂબ આભાર.

સને ૨૦૧૯-૨૦નું વર્ષ પૂર્ણ થતાં જ કોરોના મહામારીની શરૂઆત થઈ ગઈ. એટલે સને ૨૦૨૦-૨૧નું સંપૂર્ણ વર્ષ દરમ્યાન ભયંકર સંકટોનો સામનો સર્વેએ કરવો પડ્યો. પ્રથમ લહેરમાં વર્ષ દરમ્યાન મોટેભાગે લોકડાઉન તથા અન્ય પ્રતિબંધોમાં પસાર થયો. પરિણામે આપણા સમાજના શ્રીબંધુઓને પણ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. સમાજના ઘણાબધા શ્રીબંધુઓએ તેમના સ્વજનો ગુમાવ્યા. ઘણાબધા કુટુંબો આર્થિક મુશ્કેલીમાં આવી ગયા. આવા સંજોગોમાં આપણી સંસ્થાએ જે પરિવારો આર્થિક મુશ્કેલીમાં હોય, જેમણે લોકડાઉનના કારણે નોકરી-વ્યવસાય છૂટી ગયો હોય તેવા ૯૫ પરિવારોને સંસ્થાએ આર્થિક સહાય કરી. કોરોનાની પરિસ્થિતિના કારણે આવા પરિવારોને રૂબરૂ ન મળી શકાયુ પરંતુ તેઓને ઑનલાઈન સહાય પૂરી પાડી. આ માટે ભાઈશ્રી નિરવ દવેએ મદદ કરી. તેઓનો પણ ખૂબ આભાર તથા આ કાર્ય માટે જે શ્રીબંધુઓએ સંસ્થાને યોગદાન આપ્યું કે તેઓનો નામોલ્લેખ કરું તો લીસ્ટ મોટું થાય, તેઓનો પણ સંસ્થાવતી આભારી છું.

આમ, સને ૨૦૨૦-૨૧ અને ત્યારબાદ ૨૦૨૧-૨૨ના વર્ષોમાં પણ કોરોનાની પ્રથમ, બીજી અને ત્રીજી લહેર ચાલુ રહેતાં સંસ્થા દ્વારા વિશેષ પ્રવૃત્તિ થઈ શકી નથી પરંતુ સોશ્યલ મીડીયાના માધ્યમથી એકબીજાના સંપર્કથી સમાજના વિકાસલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.

સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં સમાજનું રજીસ્ટ્રેશન ટકાવી રાખવા ચેરીટી કમિશ્નરશ્રીને નવેસરથી અરજી કરવાની જરૂરિયાત ઊભી થઈ. તે અનુસાર ચેરીટી કમિશ્નરશ્રીએ સંસ્થાના જુના બંધારણને રદ કરી નવી સ્કીમ (બંધારણ-યોજના) મંજુર કરી. અને સમાજની પ્રવૃત્તિઓના સરળ સંચાલનન અને વહીવટ માટે ટ્રસ્ટીમંડળની મંજુરી આપી. હવે, હાલમાં મંજુર થયેલ સ્કીમ અનુસાર આપણે વહીવટ કરવાનો થાય છે. પરંતુ મંજુર થયેલ સ્કીમ મુજબ સંચાલન અને વહીવટમાં પડતી મુશ્કેલીઓને ધ્યાને રાખી બંધારણમાં સુધારણા સૂચવ્યા છે જે આજના એજન્ડામાં સમાવેશ છે.

આપણો સમાજ હવે સક્રિય થઈ રહ્યો છે, સમાજની પ્રવૃત્તિઓ અને વહીવટમાં સર્વે યથાયોગ્ય યોગાદન આપી રહ્યા છે. આપ સૌના સાથ અને સહકારથી આગામી સમયમાં સંસ્થા દ્વારા નીચે જણાવેલ યોજનાઓ અમલમાં મુકવાનું વિચારણામાં છે જે અંગેની પ્રાથમિક તૈયારી પણ થઈ રહી છે. "સહુનો સાથ અને સહુનો પ્રયાસ તોજ સમાજનો વિકાસ" આ સુત્ર અપનાવીશું તો આપણો સમાજ પણ નવા શિખર સર કરશે તે મને વિશ્વાસ છે.

સામાજિક પ્રવૃત્તિઓ જેવી કે, (૧) શિક્ષણ / કેળવણી સહાય યોજના (૨) મેડિકલ / ચિકિત્સા સહાય યોજના, (૩) જીવનનિર્વાહ સહાય યોજના અને (૪) યુવા અને મહિલા ઉત્કર્ષ યોજના જેવી કલ્યાણકારી યોજનાઓ શરૂ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહેલ છે. સાથે સાથે સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત દ્વારા વેબસાઈટના માધ્યમથી ગુજરાત રાજ્યના શહેરો/નાના નાના ગામોમાં અને દેશવિદેશમાં વસતા ગુજરાત રાજ્યના વતની એવા તમામ શ્રીગૌડ સમાજના પરિવારોની ઈ-ડિરેક્ટરી બાનાવવાનું આયોજન છે. આ માટે સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતનાં સભ્યો હોવું જરૂરી નથી. પરંતુ સમસ્ત શ્રીગૌડ પરિવારોની જરૂરી માહિતી મળી શકે તે લક્ષ્ય સાથે આ પ્રોજેક્ટ થઈ રહેલ છે. આ અંગે નું ફોર્મ અને રોડમેપ તૈયાર કરવામાં આવી રહેલ છે. તૈયાર થયે સર્વેને વિગતોની જાણ કરવામાં આવશે.

આજે સમગ્ર વિશ્વ તેમજ આપણો દેશ સોશ્યલ તેમજ આર્થિક વ્યવહારોમાં ડીજિટલાઈઝેશન તરફ જઈ રહ્યો છે, ત્યારે આપણો સમાજ કેમ પાછળ રહી જાય ! આપણા સમાજની વેબસાઈટ તથા ફેસબુક પેજ સને ૨૦૨૦ થી સક્રિય રીતે શરૂ કરવામાં આવેલ છે જેનો સંપૂર્ણ શ્રેય આપણા યુવા શ્રીબંધુ શ્રી સ્મિતલભાઈ પંડિતને જાય છે. આ સોશ્યલ મીડિયા દ્વારા સમાજની સઘળી પ્રવૃત્તિઓની જાણ સમાજને મળતી રહે છે. શ્રી સ્મિતલભાઈ વેબસાઈટ અને ફેસબુક પેજની મેઈન્ટેઈન કરવાની તથા અપડેટ રાખવાની સેવા વિનામૂલ્યે આપી રહ્યા છે, તેઓનો સમાજ વતી હું ખૂબ આભારી છું. સમાજના નામી-અનામી દરેક વ્યક્તિનો હું આભારી રહીશ જેણે સમાજના વિકાસ માટે તન-મન-ધનથી ફાળો આપેલ છે.

ફરીથી, સમાજના વિકાસ કાર્યોમાં આપ સૌના સાથ અને સહકારની અપેક્ષા સહ,

આપનો
યોગેશ શુક્લ, મંત્રી

## "સમસ્ત શ્રીગૌડ જીવનસાથી"

આજના સમયમાં એક પ્લેટફોર્મ પૂરું પાડી શકાય અને પોતાના જીવનસાથીની પસંદગી માટે વિશાળ ફલક મળી રહે તેમ જ આપણા સમાજના લગ્ન ઉત્સુક યુવક યુવતીનો પરિચય વોટ્સઅપ માધ્યમથી, થકી મળી રહે એવા શુભ આશયથી **"સમસ્ત શ્રીગૌડ જીવનસાથી"** વોટ્સએપ ગૃપ શરૂ કરવામાં આવેલ છે. બાયોડેટા એડમીન દ્વારા જ વોલ ઉપર મૂકવામાં આવે છે. ગૃપમાં જોડાવા તથા બાયોડેટા મૂકવા માટે નીચે આપેલ કોઈપણ એડમીનશ્રીનો સંપર્ક કરવા વિનંતી છે.

(૧) શ્રી હિતેશભાઈ ભટ્ટ (અમદાવાદ) - ૯૮૨૪૦૯૧૨૯૬
(૨) શ્રી જયંત જોષી (ગાંધીનગર) - ૯૬૦૧૯૯૫૫૬૭
(૩) પ્રિ.ડૉ. બંસીધરભાઈ ઉપાધ્યાય (અમદાવાદ) - ૯૮૨૪૪૦૬૩૮૧
(૪) શ્રી પ્રવિણભાઈ પુરોહિત (અમદાવાદ) - ૯૮૨૪૩૫૮૨૯૭
(૫) ડૉ. પ્રિતેશ શુક્લ (આણંદ) - ૯૪૨૮૪૯૧૨૨૧
(૬) શ્રી નયનભાઈ પંડિત (અમદાવાદ) - ૮૯૮૦૦૩૧૨૫૫
(૭) શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત (વડોદરા) - ૯૪૨૭૭૮૬૨૬૪
(૮) શ્રી કિરણભાઈ શુક્લ (વડોદરા) - ૯૯૭૮૯૨૦૯૮૮
(૯) શ્રી ઉદય શાસ્ત્રી (અમદાવાદ) - ૯૮૨૫૩૯૩૫૯૯
(૧૦) શ્રી આશિષ પાઠક (વડોદરા) - ૯૪૨૭૭૧૭૮૯૧
(૧૧) શ્રી પ્રશાંત પાઠક (વડોદરા) - ૯૮૯૮૨૫૪૯૭૮
(૧૨) શ્રી સંજય જાની (જામનગર) - ૯૯૨૪૪૭૨૭૦૯
(૧૩) શ્રી બંકિમ પુરાણી (વડોદરા) - ૯૯૯૮૦૦૮૩૬૬
(૧૪) શ્રી ધ્રુવ શુકલ (અમદાવાદ) - ૯૪૨૯૩૫૫૬૫૩

# વાર્ષિક જનરલ સભા - નોટિસ

શ્રી સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત ની વાર્ષિક સામાન્ય સભા તા.૦૧/૦૫/૨૦૨૨, રવિવારના રોજ રાખવામાં આવી છે. શ્રી સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાતના નોંધાયેલા સભ્યોને આ મીટીંગમાં હાજર રહેવા હાર્દિક આમંત્રણ છે.

-: એજન્ડા :-

(૧) સમાજના દિવંગત સભ્યોને શ્રધ્ધાંજલિ.

(૨) પ્રમુખશ્રીનું સ્વાગત પ્રવચન.

(૩) મંત્રીશ્રી નો અહેવાલ.

(૪) કોષાધ્યક્ષ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ના હિસાબોની રજૂઆત અને ટ્રસ્ટી મંડળ કારોબારીએ પાસ કરેલ હિસાબોની બહાલી આપવા બાબત.

(૫) " સરકારશ્રી (ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી)ના હુકમ થયેથી સમસ્ત શ્રીગૌડ સમાજ (ગુજરાત) ટ્રસ્ટ નોંધણી નંબર : એ/૩૩૫૨/અમદાવાદના વહીવટ અને સંચાલન માટે ઘડેલ સ્કીમ અન્વયે કુલ ૧૫ ટ્રસ્ટીઓ પૈકી હુકમમાં જણાવેલ ૧૦ (દસ) પ્રથમ ટ્રસ્ટીઓની ૫ ( પાંચ) વર્ષની મુદત માટેની નિમણૂંક અને ટ્રસ્ટી મંડળ એ કરેલ પ્રમુખ/મંત્રી/ખજાનચી ની નિમણૂંક રહેશે. હવે જે ખાલી પડેલ જગ્યા (૧ અવસાનથી + ૫ ખાલી ) માટે વાર્ષિક સાધારણ સભામાં નિમણૂંક કરવામાં આવશે (કો-ઓપ્ટ કરવા) જેની મુદત સરકાર ના ઓર્ડર થયેથી નક્કી કરેલ મુદત સુધીની રહેશે. "

સમસ્ત શ્રીગૌડ સમાજ – (ગુજરાત) ની ટ્રસ્ટી મંડળ, કારોબારી સભ્યો, તંત્રીમંડળ અને આમંત્રિત સભ્યોની તા.૦૬/૦૩/૨૦૨૨ ની બેઠકમાં થયેલ ઉપરોક્ત ઠરાવને બહાલી આપવી

(૬) ટ્રસ્ટી મંડળ અને કારોબારી સમિતિએ મંજૂર કરેલ બંધારણ (યોજના) માં સંસ્થાના ઉદ્દેશો અને સમાજના અગાઉના બંધારણને અનુરૂપ ફેરફાર કરવા બંધારણના સુધારાઓ મંજૂર કરવા બાબત.

(૭) ખાલી થયેલ ૬ (છ) ટ્રસ્ટીઓની નિમણૂંક.

(૮) સામાજિક સુરક્ષા યોજનાની સૈધ્ધાંતિક મંજૂરી આપવા બાબત .

(૯) ઉચ્ચ અભ્યાસક્રમમાં ઉચ્ચતમ ગુણ મેળવનારને આપવામાં આવતા ચંદ્રક/ પારિતોષિક/ મેડલની નીતિની સમીક્ષા કરવા બાબત.

(૧૦) સને ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના હિસાબો માટે સી.એ. ની નિમણુંક.

(૧૧) પ્રમુખશ્રી ની મંજુરીથી રજુ થનાર બાબત.

(૧૨) આભારવિધી.

**મિટિંગ નું સ્થળ :**

**ધરતી વિકાસ મંડળ, વિજયનગર પેટ્રોલ પંપની સામે, નારણપુરા, અમદાવાદ.**

**મિટિંગ ની તારીખ : ૦૧-૦૫-૨૦૨૨**

**મિટિંગનો સમય : સવારે ૧૦.૦૦ થી ૧૩.૦૦ સુધી**

**કાર્યક્રમની પૂર્ણાહૂતિ બાદ લંચની વ્યવસ્થા રાખેલ છે.**

યોગેશ શુક્લ

મંત્રી

તા.ક. સામાન્ય સભામાં આજીવન સભ્યશ્રીઓ જ હાજર રહી શકે છે અને મત આપી શકે છે.

---

## નૈસર્ગિક રીતે ઠંડા પદાર્થ ઉનાળામાં આરોગવાથી ગરમીથી થનાર ત્રાસથી શરીરનો બચાવ થાય છે

કાકડી - તબિયત કરે ફાંકડી
ગાજર - તંદુરસ્તી હાજર
મેગી - ખરાબ કરે લેંગી
ભાત - બુદ્ધિને આપે સાથ
દહીં - જ્યાદા ધુમાકે ખાઓ તો સહી
દાડમ - કરે મડદાંને બેઠું તેવી શક્તિ
જામફળ - એટલે મજાનું ફળ
દૂધી - કરે લોહીની શુદ્ધિ
તલ ને દેશી ગોળ - આરોગ્યને મળે બળ
લાલ ટમેટા - જેવા થવું હોય તો લાલ ટમેટા ખાજો
ડબલફિલ્ટર તેલ - કરાવે બીમારીના ખેલ
ગુટખા - બીમારીના ઝટકા
ઈંડુ - તબિયતનું મીંડું
બપોરે ખાધા પછી છાસ - પછી થાય હાશ
ત્રિફળા ફાકી - રોગ જાય થાકી
મકાઈના રોટલા - શક્તિના પોટલા
રોજ ખાય પકોડી - હાલત થાય કફોડી
દેશી ગોળનો શીરો - આરોગ્યનો હીરો

બીટ - શરીરને રાખે ફિટ
મગ - સારા ચાલે પગ
ઘઉં - વજન વધારે બહુ
સૂકા મરચા - કરાવે વધારે ખર્ચા
ખજૂર - શક્તિ હાજરાહજૂર
જાંબુ - જીવન કરે નિરોગીને લાબું
નારીયેળ - એટલે ધરતીમાતાનું ધાવણ
કારેલા - ના ઉતરવાદે ડાયાબિટીસના રેલા
કાચું - એટલું સાચુને રંધાયેલું એટલું ગંધાયેલું*
આદુ - નો જાદુ
મધ - દુઃખોનો કરે વધ
શરાબ - જીવન કરે ખરાબ
દેશી ગોળ ને ચણા - શક્તિ વધારે ઘણા
હરડે - બધા રોગને મરડે
સંચળ - શરીર રાખે ચંચળ
ભજીયા - કરે પેટના કજિયા
પાઉંને પીઝા - બીમારીના વિઝા

**-સંપાદન, તંત્રીશ્રી**

# Samast Shreegaud Samaj, Gujarat

## Balance Sheet as on 31-03-2020 and 31-03-2021

| Liabilities | 31-03-2020 | 31-03-2021 | Assets | 31-03-2020 | 31-03-2021 |
|---|---|---|---|---|---|
| **Capital Account** | | | Fixed Assets | | |
| - Arthik Sahay Fund | 22,100=00 | 17,177=00 | Furniture | 21,330=00 | 21,330=00 |
| - Dethe Members Fees | 200=00 | 200=00 | | | |
| - Life Membership Fess Fund | 4,05,454=00 | 4,05,955=00 | | | |
| **Loan (Liabilties)** | | | **Investment** | | |
| **Kayami Fund** | | | Bank of India-FDR | 2,75,856=00 | 2,75,856=00 |
| Amrut Purva Deposit Fund | 33,005=00 | 33,005=00 | Cosmos Bank-FDR | 1,49,800=00 | 1,49,800=00 |
| Building Deposit Fund | 1,76,848=00 | 1,76,848=00 | State Bank of India-FDR | 7,48,000=00 | 7,48,000=00 |
| Depreciation Fund | 2,370=00 | 2,370=00 | **Current Assets** | | |
| Education Deposit Fund | 2,28,100=00 | 2,28,100=00 | Cash in Hand | 12,672=00 | 22,338=00 |
| Furniture Deposit Fund | 4,000=00 | 4,000=00 | Bank Account | 1,70,199=39 | 1,72,429=39 |
| Jagruti Deposit Fund | 1,06,566=00 | 1,06,566=00 | TDS-BOI-2018-19 | 1,359=00 | 1,359=00 |
| Medical Sahay Deposit Fund | 1,01,011=00 | 1,01,011=00 | TDS-SBI-2019-20 | 4,940=00 | 4,940=00 |
| Note Book Sahay Deposit Fund | 18,814=00 | 18,814=00 | TDS-SBI-2020-21 | - | 3389=00 |
| Paritoshik Deposit Fund | 1,04,636=00 | 1,04,636=00 | Dev Aurum AMC Fund | - | 5000=00 |
| Shraddhanjali Deposit Fund | 94,506=00 | 94,506=00 | Dev Aurum Corpus Fund | - | 10225=00 |
| Sports Deposit Fund | 9,919=00 | 9,919=00 | Misc. Expenses (Assets) | 23,899=00 | 18,049=00 |
| **Nibhav Fund** | | | | | |
| - Amrut Parv Nibhav Fund | 1,980=00 | 1,980=00 | | | |
| - Education Nibhav Fund | 21,820=00 | 21,820=00 | | | |
| - Jagruti Nibhav Fund | 31,320=00 | 32,320=00 | | | |
| - Medical Relief Nibhav Fund | 6,060=00 | 31,060=00 | | | |
| - Paritoshik Nibhav Fund | 26,038=00 | 26,038=00 | | | |
| - Shraddhanjali Nibhav Fund | 5,550=00 | 5,550=00 | | | |
| **Excess of Income Over Expenditure** | 7,758=39 | 10,740=39 | | | |
| **Grand Total** | **14,08,055=39** | **14,32,715=39** | **Grand Total** | **14,08,055=39** | **14,32,715=39** |

**Divyang Shukla**
Chartered Accountant

**Kamlesh Pathak**
President

**Yogesh Shukla**
Secretary

# Samast Shreegaud Samaj, Gujarat

**Income & Expenditure Statement of 2019-20 & 2020-21**

| Expenditure | 31-03-2020 | 31-03-2021 | Income | 31-03-2020 | 31-03-2021 |
|---|---|---|---|---|---|
| Abhinandan Program Exp. | 2,30,707=00 | - | Abhinandan Program Income | 2,39,340=00 | - |
| Accounting Charges | - | 2,500=00 | | | |
| Audit Fee | 4,500=00 | - | Jagurit Advertise Income | 48,200=00 | 10.001=00 |
| Bank Charges | 1,233=00 | 354=00 | Bank Interest-FDR | 79,960=00 | 71.749=00 |
| Depreciation Exp. | 2,370=00 | - | Bank Interest-Savings | 4,145=00 | 4.551=00 |
| Elect. Bill Exp. | 10,790=00 | 9,690=00 | Office Maintenance Receipt | - | 26.600=00 |
| Jagruti Printing Exp. | 53,239=97 | 6,100=00 | | | |
| Meeting Exp. | 10,000=00 | - | | | |
| Municipal Tax. Exp. | 20,254=00 | 14,506=00 | | | |
| Postage Charges | 12,062=00 | - | | | |
| Office Maintenance | (-)32,325=00 | 38,877=00 | | | |
| Advertisement Exp. | - | 36,000=00 | | | |
| Office Exp. | - | 1,892=00 | | | |
| Excess of Income over Expend. | 58,814=03 | 2,982=00 | | | |
| **Grand Total** | **3,71,645=00** | **1,12,901=00** | **Grand Total** | **3,71,645=00** | **1,12,901=00** |

**Divyang Shukla**
Chartered Accountant

**Kamlesh Pathak**
President

**Yogesh Shukla**
Secretary

# સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત ટ્રસ્ટ નોંધણી નં : એ/૩૩૫૨/અમદાવાદના વહીવટ અને સંચાલન માટે ઘડેલ સ્કીમ (યોજના) સંદર્ભે સૂચિત બંધારણીય સુધારા વધારા

માનનીય ચેરીટી કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય અમદાવાદ દ્વારા સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમની કલમ -૫૦(એ) નીચે સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના વહીવટ અને સંચાલન માટે ઘડેલ સ્કીમ (યોજના)ની કેટલીક કલમોના અમલમાં અનુભવાતી મુશ્કેલીઓ અંગે અને વહીવટી સરળતા રહે તે મુદ્દાઓની વિચારણા અંગે ''બંધારણ સુધારણા સમિતિ''નું ગઠન કરવામાં આવેલ. સમિતિએ સ્કીમના મુદ્દાઓ પરત્વે વિસ્તૃત છણાવટ અભ્યાસના અંતે એક અહેવાલ (સૂચિત સુધારા) ટ્રસ્ટી મંડળને સોંપ્યા. જેમાં થોડાક જરૂરી ફેરફારો સાથે તા. ૦૬-૦૩-૨૦૨૨ની ટ્રસ્ટી મંડળ / કારોબારીએ મંજુર કરેલ છે. જે આ સાથે સામાન્ય સભાની મંજુરી અર્થે રજૂ કરેલ છે.

| સંદર્ભિક ક્રમાંક | હુકમ મુજબ | સૂચિત સુધારો | કારણદર્શી નોંધ |
|---|---|---|---|
| (૪) ટ્રસ્ટના હેતુઓ | (૮) સમાજના હેતુઓ પાર પાડવા માટે જરૂરી ફંડ-ફાળો ઉઘરાવવા તથા દાન મેળવવા જરૂરી કાર્યક્રમોનું આયોજન કરવું. | (૮) સમાજના હેતુઓ પાર પાડવા માટે જરૂરી ફંડ-ફાળો ઉઘરાવવા તથા દાન મેળવવા જરૂરી કાર્યક્રમોનું આયોજન કરવું. શ્રીગૌડ બ્રાહ્મણ સિવાયના બ્રાહ્મણ જ્ઞાતિ કે અન્ય જ્ઞાતિ કે સંસ્થા/વ્યક્તિ તરફથી ફંડ-દાન પેટે મેળવી શકશે. પરંતુ, શ્રીગૌડ સમાજના સભ્ય બની શકશે નહીં. | સમાજની આર્થિક સદ્ધરતા વધે તે હેતું. |
| (૫) સભ્યપદ | (૧) શ્રીગૌડ બ્રાહ્મણ જ્ઞાતિના ગુજરાત રાજ્યના વતની હોય અને દેશ-વિદેશમાં વસતા હોય તેવા ૧૮ વર્ષ પૂરા થયા હોય તેવા કોઈપણ પુરુષ અગર સ્ત્રી આ સમાજમાં સભ્ય થઈ શકશે. સમાજના પ્રસ્થાપિત નીતિ નિયમો સ્વીકારવાની શરતે નિયત કરેલ ફી ભરી સભ્ય બની શકસે. | - (સુધારો નથી.) | |
| | (૨) | ઉમેરો : (૨) શ્રીગૌડ સમાજના કુટુંબમાં જન્મેલી ૧૮ વર્ષથી વધુ ઉંમરની અપરણિત દીકરીનું સભ્યપદ શ્રીગૌડ સમાજ અને બ્રાહ્મણ જ્ઞાતિમાં લગ્ન કરે તો ચાલુ રહેશે અન્યથા રદ થશે. | વહીવટી સરળતા હેતુથી |
| (૬) સભ્ય ફી | આજીવન સભ્ય ફી રૂ. ૫૦૧/-<br>એન.આર.આઈ. આજીવન સભ્ય ફી રૂ. ૩૦૦૧/-<br>વાર્ષિક સભ્ય ફી રૂ. ૧૦૦/- | (૧) વાર્ષિક સભ્ય ફી રૂ. ૧૦૦/- રદ કરવી.<br>(૨) આજીવન સભ્ય ફી રૂ. ૫૦૧/-<br>(૩) એન.આર.આઈ. આજીવન સભ્ય ફી રૂ. ૩૦૦૧/-<br>(૪) સભ્યના અવસાન પછી જે તે સભ્ય તરફથી પ્રાપ્ત થયેલ સભ્ય ફીની રકમ સભ્ય ફીના કુલ ભંડોળમાંથી સ્થળાંતર કરી અનામત ફંડમાં લઈ જવી.<br>(૫) આજીવન સભ્ય ફી તથા એન.આર.આઈ. સભ્ય ફી ની રકમમાં ફેરફાર કરવા અંગેનો ઠરાવ એજન્ડામાં મુક્યો હશે તો જ સામાન્ય સભામાં રજૂ થઈ શકશે અને એવો ઠરાવ આ સભામાં હાજર રહેલા સભ્યોની બહુમતીથી જ પસાર થઈ શકશે. | તમામ પ્રકારના સભ્યોનો આજીવન સભ્યપદ ની પરીભાષામાં સમાવેશ કરવો જેથી નાણાંકીય વહીવટ સરળ રહે. વહીવટી પારદર્શિતા લાવવા માટે. |

| | | | |
|---|---|---|---|
| (૭) ટ્રસ્ટીઓની સંખ્યા તથા લાયકાત | (અ) આ ટ્રસ્ટમાં ટ્રસ્ટી મંડળની સંખ્યા ઓછામાં ઓછી નવ (૯) અને વધુમાં વધુ પંદર (૧૫) ની રહેશે. આ સ્કીમથી નિમાયેલા તમામ ટ્રસ્ટીઓની મુદત પાંચ (૫) વર્ષ માટે રહેશે. ત્યારબાદ તમામ પ્રકારના સભ્યોના સામાન્ય સભામાં ટ્રસ્ટી મંડળની નિમણુંક પસંદગીથી કરવામાં આવશે. જો પસંદગીથી નિમણુંક ન થાય તો ચુંટણી દ્વારા નિમણુંક કરવામાં આવશે. અગાઉ ટ્રસ્ટી પામેલ ટ્રસ્ટીની ફરીથી નિમણુક થઈ શકશે. | (૭) ટ્રસ્ટીમંડળ અને કારોબારી સમિતિ<br>(અ) ટ્રસ્ટી મંડળ<br>૧. ટ્રસ્ટીઓની સંખ્યા અને લાયકાત : આ ટ્રસ્ટમાં ટ્રસ્ટી મંડળની સંખ્યા ઓછામાં ઓછી સાત (૭) અને વધુમાં વધુ પંદર (૧૫)ની રહેશે. આમાં પાંચ (૫) કાયમી ટ્રસ્ટીઓ રહેશે.<br>૨. રૂ. પાંચ લાખ અથવા સામાન્ય સભા નક્કી કરે તે રકમ ભરીને કાયમી ટ્રસ્ટી બની શકશે.<br>૩. કારોબારી સમિતિના પ્રમુખ અને મંત્રી ટ્રસ્ટી મંડળના પ્રમુખ અને મંત્રી રહેશે. તે ટ્રસ્ટી મંડળના સભ્ય ગણાશે અને મતદાન કરી શકશે.<br>૪. તમામ પ્રકારના સભ્યોની સામાન્ય સભામાં ટ્રસ્ટી મંડળના નવ (૯) ટ્રસ્ટીઓની નિમણુંક પસંદગીથી કરવામાં આવશે. જો પસંદગીથી નિમણુંક ન થાય તો ચૂંટણી દ્વારા નિમણુક કરવામાં આવશે. અગાઉ ટ્રસ્ટી પામેલ ટ્રસ્ટીની ફરીથી નિમણુક થઈ શકશે. આ તમામ ટ્રસ્ટીઓની મુદત ત્રણ (૩) વર્ષ માટે રહેશે.<br>૫. ટ્રસ્ટીઓ હોદ્દાની રૂએ કારોબારીના સભ્યો ગણાશે.<br>૬. ટ્રસ્ટીમંડળની બેઠકનું પ્રમુખ સ્થાન પ્રમુખશ્રી સંભાળશે. તેમની ગેરહાજરીમાં બેઠકના સંચાલન માટે હાજર ટ્રસ્ટીઓ પોતાનામાંથી એકને તે બેઠકના પ્રમુખ તરીકે પસંદ કરશે. | ટ્રસ્ટીઓના હોદ્દાની સમયમર્યાદા ત્રણ (૩) વર્ષ રાખવાથી સમાજના વિવિધ ૧૩ ઘટકોને સામાજિક ન્યાય મળી શકશે. |
| | | (ડ) કારોબારી સમિતિ :<br>૧. તમામ પ્રકારના સભ્યોની સામાન્ય સભામાં કારોબારી સમિતિના સભ્યોની નિમણુંક પસંદગીથી કરવામાં આવશે. જો પસંદગીથી નિમણુંક ન થાય તો ચૂંટણી દ્વારા નિમણુક કરવામાં આવશે. અગાઉ કારોબારી સભ્યની ફરીથી નિમણુક થઈ શકશે. આ તમામ કારોબારી સભ્યની મુદત ત્રણ (૩) વર્ષ માટે રહેશે. | ટ્રસ્ટી મંડળ દ્વારા સંસ્થાના હેતુઓ અને ઉદ્દેશો પાર પાડવા નક્કી કરેલ નીતીઓ (પોલીસી) નું અમલીકરણ તથા સંસ્થાના વહીવટને લગતી |

| | | | |
|---|---|---|---|
| | | ૨. કારોબારી સમિતિના સભ્યોની સંખ્યા એકવીસ (૨૧) રહેશે. જેમાં ત્રણ (૩) સભ્યો સ્ત્રી સભ્યો માટે અનામત રાખવામાં આવશે અને કદાચ સ્ત્રી સભ્ય ન ચૂંટાય તો તે જગ્યા કો-ઓપ્ટ કરી ભરવાની રહેશે.<br>૩. કારોબારી સભ્યોની મુદત દરમ્યાન તેના કોઈ કારોબારી સભ્યની જગ્યા રાજીનામું, અવસાન, નાદાર થાય કે બીજા કોઈ કારણસર ખાલી પડે તો બાકીના કારોબારી સભ્યો ખાલી પડેલ જગ્યાએ નવા કારોબારી સભ્યની નિમણુંક બાકીની મુદત માટે કરશે.<br>૪. કારોબારી સમિતિની બેઠક બોલાવીને સમિતિના સભ્યો પૈકી નીચે જણાવેલ મુજબના હોદ્દેદારોની નિમણુંક કરશે.<br>પ્રમુખ - ૧, ઉપપ્રમુખ-૨, મંત્રી-૧, સહમંત્રી-૧, કોષાધ્યાક્ષ-૧, આંતરીક ઓડિટર-૧ (કારોબારી સભ્ય સિવાયના સભ્યમાંથી)<br>૫. કારોબારી સમિતિ દ્વારા નક્કી કરેલ ઝોન માંથી પ્રત્યેક ઝોન દીઠ-૧ એમ કુલ વધુમાં વધુ નવ (૯) સંગઠન મંત્રીની નિમણુક કારોબારી સભ્યો સિવાયના સભ્યોમાંથી પસંદગીથી કરવામાં આવશે. જો પસંદગીથી નિમણુંક ન થાય તો બહુમતીથી નિમણુંક કરવામાં આવશે. આ સભ્યો કારોબારીની બેઠકમાં આમંત્રીત સભ્ય તરીકે હાજર રહી શકશે.<br>૬. કારોબારી સમિતિની બેઠકનું પ્રમુખ સ્થાન પ્રમુખશ્રી સંભાળશે અને તેની ગેરહાજરીમાં ઉપપ્રમુખશ્રી સંભાળશે અને બન્નેની ગેરહાજરીમાં કારોબારી સમિતિ બહુમતીથી નક્કી કરેલ તે સભ્ય મિટિંગનું પ્રમુખ સ્થાન સંભાળશે.<br>૭. કારોબારીના જે સભ્ય લેખિત પત્ર/મેઈલ દ્વારા જાણ કર્યા સિવાય કારોબારીની સળંગ ત્રણ બેઠકમાં ગેરહાજર રહેશે તો સમિતિ તેને કારોબારી સભ્ય તરીકે રદ કરી શકશે. | કામગીરી બંધારણની જોગવાઈઓને ધ્યાને રાખી કારોબારી સમીતી દ્વારા કરી શકાય તે માટે. |
| (૮) સામાન્ય સભા | (૧) સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના તમામ પ્રકારના સભ્યોની મળેલ સભાને | (૧) સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના તમામ પ્રકારના સભ્યોની મળેલ સભાને | સમાજના તમામ સભ્યો |

| | | | |
|---|---|---|---|
| | સામાન્ય સભા કહેવામાં આવશે. સામાન્ય સભા ટ્રસ્ટીઓની નિમણુક પસંદગીથી કરશે. જો પસંદગીથી થઈ શકે તેમ ન હોય તો ચૂંટણી દ્વારા ટ્રસ્ટી મંડળની નિમણુક કરવાની રહેશે. | સામાન્ય સભા કહેવામાં આવશે. આ સામાન્ય સભા ટ્રસ્ટી મંડળના સભ્યોની તથા કારોબારી સભ્યોની નિમણુંક પસંદગીથી કરશે. જો પસંદગીથી થઈ શકે તેમ ન હોય તો ચુંટણી દ્વારા આ તમામની નિમણુંક કરશે. રજીસ્ટર ઓડિટરની નિમણુંક સામાન્ય સભા કરશે. | વહીવટમાં ભાગ લઈ શકે તે હેતુ. |
| (૯) ચૂંટણી અંગે | (૧) સમાજના તમામ પ્રકારના સભ્યો ટ્રસ્ટી માટે ઉમેદવારી કરી શકશે તેવી રીતે વર્તમાન ટ્રસ્ટીઓ પણ આગામી ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે. | (૧) સમાજના તમામ પ્રકારના સભ્યો ટ્રસ્ટી માટે તથા કારોબારી સભ્ય માટે ઉમેદવારી કરી શકશે તેવી રીતે વર્તમાન ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યો પણ આગામી ચૂંટણી માટે ઉમેદવારી કરી શકશે. પરંતુ ઉમેદવારી કરવા માટે તે વ્યક્તિએ સભ્યપદ એક વર્ષ પહેલા પ્રાપ્ત કરેલું હોવું જોઈએ. | સમાજની વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ થવા માટે એક(૧) વર્ષનો સમય પર્યાપ્ત રહેશે. |
| | (૨) ટ્રસ્ટી મંડળ ચૂંટણી અધિકારીની નિમણુંક કરશે. ચૂંટણી અધિકારીએ પ્રમુખના પરામર્શમાં ચૂંટણીની તારીખ નક્કી કરી ૨૧ દિવસ પહેલા જાહેર કરશે. જે સમાજના મુખપત્ર શ્રીગૌડ જાગૃતિમાં પ્રકાશિત કરી શકાશે. વેબસાઈટ ઉપર પણ પ્રકાશિત કરી શકશે. | (૨) કારોબારી સમિતિ ચૂંટણી અધિકારીની નિમણુંક કરશે. ચૂંટણી અધિકારી પ્રમુખના પરામર્શમાં ચૂંટણીની તારીખ નક્કી કરી ૨૧ દિવસ પહેલા જાહેર કરશે. જે સમાજના મુખપત્ર શ્રીગૌડ જાગૃતિમાં પ્રકાશિત કરી શકશે. વેબસાઈટ ઉપર પણ પ્રકાશિત કરી શકશે. | વહીવટી સરળતા માટે |
| | (૪) ચૂંટણી ફોર્મ સાથે ટ્રસ્ટીની જગ્યા માટે ફોર્મ ફી રૂ. ૫૦૦/- નોન રીફંડેબલ ભરવાના રહેશે. | (૪) ચૂંટણી ફોર્મ સાથે કારોબારી સદસ્યની જગ્યા માટે ફોર્મ ફી રૂ. ૫૦૦/- અને ટ્રસ્ટીની જગ્યા માટે ફોર્મ ફી રૂ. ૫૦૦૦/-નોન રીફંડેબલ ભરવાના રહેશે. | વહીવવટી સુગમતા માટે |
| (૧૦) હોદ્દેદારો | ટ્રસ્ટીમંડળની નિમણુક થયેથી ટ્રસ્ટી મંડળમાંથી પ્રમુખ, ઉપપ્રમુખ-૨, મંત્રી, સહમંત્રી-૨, ખજાનચી, સહખજાનચી અને આંતરિક ઓડિટરની નિમણુક કરશે. તેમની જગ્યા કોઈપણ કારણસર ખાલી પડે તો, બાકીના ટ્રસ્ટીઓ તેમનામાંથી ખાલી પડેલ જગ્યાએ જે તે હોદ્દેદારની નિમણુક કરશે. | રદ કરવું | સૂચિત સુધારણાની કલમ ૭(ડ) માં સમાવેશ કરેલ છે. |
| | | ૧. કારોબારી સમિતિ અને ટ્રસ્ટી મંડળ અને સામાન્ય સભાની મિટિંગમાં તમામ ઠરાવો મિટિંગમાં હાજર રહેલ સભ્યોની બહુમતીથી કરવામાં આવશે. વળી, કોઈ પ્રસંગે | વહીવટી સરળતા માટે |

| | | | |
|---|---|---|---|
| | | એકસરખા મત પડે (ટાઈ પડે) તો મિટિંગના પ્રમુખશ્રી તેમનો વધારાનો મત આપી શકશે. | |
| | | ૨. જે તે વર્ષના આવક-જાવકના હિસાબો માટે જે તે સમયની કારોબારી સમિતિ અને હોદ્દેદારો જવાબદાર રહેશે. | જે તે વ્યક્તિની જવાબદારી સ્પષ્ટ રીતે નક્કી કરવા માટે. |
| | | ૩. કારોબારી સમિતિની મિટિંગનું કામકાજ શરૂ કરવા માટે ઓછામાં ઓછા ૧/૩ સભ્યોની ઉપસ્થિતિ કોરમ ગણાશે. સમયસર કોરમ થાય નહીં તો મિટિંગ નિયત સમયના અડધા કલાક પછી તે જ સ્થળે અને તે જ દિવસે નોટીસમાં જણાવેલ કામકાજ કરવા મળશે. હાજર સભ્યો કાર્યસૂચિ મુજબના અને પ્રમુખશ્રીની સંમતિથી અન્ય કામકાજ કરશે, જે કાયદેસર અને બંધનકર્તા રહેશે. | વિલંબ નિવારી શકાય અને સરળતા રહે. |
| | | ૪. કારણવસાત કોઈ સભ્યને મિટિંગ અંગેની નોટીસ ના મળી હોય તો પણ મિટિંગ નિયમિત અને કાયદેસર ગણાશે. | વિવાદ ઉત્પન્ન થાય નહીં અને વહીવટી સરળતા રહે તે માટે. |
| (૧૧) હોદ્દેદારોની ફરજો | પ્રમુખ :<br>(૧) ટ્રસ્ટી મંડળ તથા સામાન્ય સભાની મિટિંગનું અધ્યક્ષ સ્થાન પ્રમુખ સંભાળશે. | ૧. ટ્રસ્ટી મંડળ, કારોબારી સમિતિ તથા સામાન્ય સભાનું અધ્યક્ષ સ્થાન પ્રમુખ સંભાળશે. | વહીવટી સરળતા માટે |
| | (૨) ટ્રસ્ટી મંડળ અને કર્મચારી દ્વારા હાથ ધરવામાં આવેલ કાર્ય પર જરૂરી અંકુશ અને દેખરેખ રાખી જરૂરી માર્ગદર્શન તથા સૂચનો કરવા. | ૨. ટ્રસ્ટી મંડળ, કારોબારી સમિતિ અને કર્મચારી દ્વારા હાથ ધરવામાં આવેલ કાર્ય પર જરૂરી અંકુશ તેમજ દેખરેખ રાખી જરૂરી માર્ગદર્શન તથા સૂચનો કરવા. | |
| | (૫) ટ્રસ્ટી મંડળના સભ્યોને કાર્યો અને ફરજોની સોંપણી કરસે. | ૫. ટ્રસ્ટી મંડળના સભ્યોને તથા કારોબારી સમિતિના સભ્યોને કાર્યો અને ફરજોની સોંપણી કરશે. | |
| | (૭) | ૭. સંસ્થાના હિત અને બંધારણ વિરૂદ્ધ અથવા અસંગત બાબતો ઉપર ઠરાવ કે ચર્ચા પ્રમુખશ્રી અટકાવી શકશે. | જે તે વિષયને પર વધુ છણાવટથી ચર્ચા વિચારણા થાય અને સમયનો વ્યય ન થાય તથા સમય મર્યાદા જળવાય. |
| | મંત્રી :- | ૧. પ્રમુખ તરફથી મિટિંગના એજન્ડા/નોટીસ કાઢવા અંગેની લેખિત સૂચના મળેથી | મંદિર શબ્દ વર્તમાનમાં |

| | | | |
|---|---|---|---|
| | (૧) પ્રમુખ તરફથી મિટિંગના એજન્ડા/નોટીસ કાઢવા અંગેની લેખિત સૂચના મળેથી કામગીરી પૂર્ણ કરવાની રહેશે અને તમામને નોટીસ/એજન્ડાની જાણ મંદિરના બોર્ડ ઉપર લગાવવાની રહેશે. તેનો આધાર ટ્રસ્ટ રેકર્ડમાં રાખવાનો રહેશે. | કામગીરી પૂર્ણ કરવાની રહેશે અને તમામ નોટીસ/એજન્ડાની જાણ સંસ્થાના બોર્ડ ઉપર લગાવવાની રહેશે. તેનો આધાર રેકર્ડમાં રાખવાનો રહેશે. | અપ્રસ્તુત લાગે છે જેથી તેના સ્થાને સંસ્થા શબ્દ રાખવો. |
| | (૨) ટ્રસ્ટની સભાઓ પ્રમુખની લેખિત અનુમતિથી બોલાવવી અને સફળ સંચાલનમાં તેઓને મદદરૂપ થવું. | ૨. ટ્રસ્ટીમંડળ/કારોબારી સમિતિ/સામાન્ય સભાઓ પ્રમુખની લેખિત અનુમતિથી બોલાવવી અને તેના સફળ સંચાલનમાં મદદરૂપ થવું. | વહીવટી સરળતા માટે |
| | (૩) ટ્રસ્ટી મંડળની મિટિંગની તમામ કાર્યવાહીની નોંધ ઠરાવબુકમાં રાખશે. | ૩. ટ્રસ્ટી મંડળની/કારોબારી સમિતિ/સામાન્ય સભાની મિટિંગની તમામ કાર્યવાહીની નોંધ ઠરાવ બુંકમાં રાખશે. | વહીવટી એક સૂત્રતા જળવાય તે હેતુ. |
| | (૧૦) | ૧૦. તમામ પ્રકારના સભ્યોની યાદી સુધારા-વધારા સાથે નિભાવવાની રહેશે. | વહીવટી સુગમતા માટે |
| | (૧૧) | ૧૧. મંત્રી વાર્ષિક અહેવાલ તૈયાર કરશે અને કારોબારીમાં મંજુર કરાવશે તથા કાર્યક્રમોનું આયોજન અને અમલ કરશે. | વહીવટી સુગમતા માટે. |
| | (૧૨) | ૧૨. નાણાંકીય આવશ્યક ખર્ચ અંગે કારોબારી સમિતિ ઠરાવે તેટલી રકમ હાથ ઉપર રાખી શકશે અને ખર્ચ કારોબારી ઠરાવે તેટલી જ રકમનું કરી શકશે. પરંતુ, બાદમાં કારોબારી મિટિંગમાં હિસાબ રજૂ કરી ખર્ચ મંજુર કરાવવું પડશે. નાણાંકીય હિસાબમાં વિલંબ અક્ષમ્ય ગણાશે. કારોબારીએ ઠરાવેલ મર્યાદાની રકમથી વધારે ખર્ચ કરવો પડે તો કારોબારીમાં મંજૂર કરાવીને વધુ ખર્ચ કરી શકાશે. | નાણાંકીય વહીવટ નિયંત્રિત અને પારદર્શક રહે તે માટે. |
| | સહખજાનચી : ખજાનચીની ગેરહાજરીમાં સહખજાનચીએ ફરજ બજાવવાની રહેશે. તેઓએ કરેલ કામગીરીનો અહેવાલ ખજાનચી હાજર થયેથી સોંપવાનો રહેશે તેમજ ટ્રસ્ટી મંડળ દ્વારા જે કાર્ય સોંપવામાં આવશે તે કાર્યો કરવાના રહેશે. | રદ કરવું | આવશ્યક્તા નથી. |
| | આંતરીક ઓડિટર : આંતરિક ઓડિટર દર માસે હિસાબો નિયમિત રાખેલ છે કે કેમ તે તપાસવાનું રહેશે. તેમજ બેન્કનું | આંતરીક ઓડિટર દર છ માસે હિસાબો નિયમિત રાખેલ છે કે કેમ તે તપાસવાનું રહેશે. તેમજ બેન્કનું મેળવણ તેમજ | પ્રમુખશ્રીને નાણાંકીય ગતિવિધીથી |

| | | | |
|---|---|---|---|
| | મેળવણ તેમજ ખજાનચી દ્વારા લખવામાં આવેલ હિસાબો ચકાસવાના રહેશે. | ખજાનચી દ્વારા લખવામાં આવેલ હિસાબો ચકાસવાના રહેશે અને તે અંગેનો રીપોર્ટ પ્રમુખશ્રીને આપશે. | વાકેફ રહેવા માટે તથા અનિયમિતતા હિસાબમાં જણાય નહીં તે માટે જરૂરી છે. |
| (૧૨) ઓડિટરની નિમણુક | (૧) ટ્રસ્ટના વાર્ષિક હિસાબની તપાસણી માટે ટ્રસ્ટીમંડળ રજીસ્ટર્ડ ઓડિટર - સી.એ.ની નીમણુક કરશે, જે કોષાધ્યક્ષ દ્વારા રજૂ કરાયેલા વાર્ષિક હિસાબો અને સરવૈયા ચકાસશે અને સર્ટીફાઈડ કરશે. | સમાજના વાર્ષિક હિસાબની તપાસણી માટે સામાન્ય સભા ઓડિટરની-સી.એ.ની નિમણુંક કરશે. જે કોષાધ્યક્ષ દ્વારા રજૂ કરાયેલા વાર્ષિક હિસાબો અને સરવૈયા ચકાસશે અને સર્ટીફાઈડ કરશે. | તટસ્થ રીતે હિસાબોની ચકાસણી માટે જરૂરી છે. વહીવટી નિયંત્રણ માટે. |
| | (૨) ઓડિટરની વાર્ષિક મહેનતાણાની રકમ ટ્રસ્ટીમંડળ નક્કી કરશે. | ઓડિટરના વાર્ષિક મહેનતાણાની રકમ સામાન્ય સભા નક્કી કરશે. | વહીવટી સરળતા માટે. |
| (૧૩) મિટિંગ | ટ્રસ્ટી મંડળની મિટિંગ વર્ષ દરમ્યાન ૬ (છ) વખત મળશે. અર્થાત દર બે મહિને ટ્રસ્ટી મંડળની બેઠક એક વખત મળી શકશે. જરૂર પડે વધુ વખત પણ બેઠક બોલાવી શકાશે. તેને ખાસ મિટિંગ કહેવામાં આવશે. તેવી ખાસ મિટિંગ સાધારણ રીતે ટ્રસ્ટની ઑફિસમાં બોલાવવાની રહેશે. જો તે શક્ય ન હોય તો ટ્રસ્ટી મંડળ સર્વાનુમતે બહુમતે નક્કી કરાયેલ સ્થળે ભરવામાં આવશે. અનેતે મિટિંગની કાર્યવાહી ઠરાવબુકમાં નોંધ કરવાની રહેશે. મિટિંગ બોલાવવા અંગેની જાણ એજન્ડા ટ્રસ્ટીઓને યોગ્ય લાગે તે રીતે કરી શકશે. | મિટિંગ :<br>(૧) ટ્રસ્ટી મંડળની મિટિંગ વર્ષ દરમ્યાન ૨ વખત અર્થાત્ દર છ મહિને એક વખત અને કારોબારીની બેઠક વર્ષ દરમ્યાન ૪ (ચાર) વખત અર્થાત્ દર ૩ (ત્રણ) મહિને કારોબારી સમીતીની બેઠક એક વખત મળી શકશે. જરૂર પડે વધુ વખત પણ બેઠક બોલાવી શકાશે. તેને ખાસ મિટિંગ કહેવાશે. ખાસ મિટિંગ સાધારણ રીતે સંસ્થાની ઑફિસમાં બોલાવવાની રહેશે. જે તે શક્ય ન હોય તો કારોબારી સમીતિ / ટ્રસ્ટીમંડળ દ્વારા સર્વાનુમતે નક્કી કરાયેલ સ્થળે ભરવામાં આવશે. | વહીવટી સરળતા માટે |
| | | (૨) કારોબારી સમીતીના હોદ્દેદારોની મિટિંગ દર બે માસે મળશે. | વહીવટી સરળતા માટે |
| (૧૪) રીક્વીઝેશન મિટિંગ | (૧) ટ્રસ્ટીઓમાંથી ટ્રસ્ટીઓ તરફથી ટ્રસ્ટી મંડળની ખાસ કારણ અગર કારણ દર્શાવી લેખિત રીક્વીઝેશનમાં જણાવેલ કામો માટે ટ્રસ્ટીઓની મિટિંગ બોલાવવાની રહેશે. આ પ્રમાણે લેખિત રીક્વીઝેશન પ્રમુખને મળ્યા બાદ બે અઠવાડિયામાં આવી રીક્વીઝેશન બોલાવે નહીં તો તે સમય પછી રીક્વીઝેશન કરનાર બહુમતિ ટ્રસ્ટીઓ | (૧) ટ્રસ્ટીઓમાંથી કે કારોબારી સમિતિના બહુમતી સભ્યો તરફથી ખાસ કારણ અગર કારણ દર્શાવી લેખિત રીક્વીઝેશનમાં જણાવેલ કામો માટે ટ્રસ્ટીઓની/ કારોબારીની મિટિંગ બોલાવી શકશે. આપ્રમાણે લેખિત રીક્વીજેશન પ્રમુખને મળ્યાબાદ બે અઠવાડીયામાં આવી રીક્વીઝેશન બોલાવે નહીં તો તે સમય પછી રીક્વીઝેશન કરનાર બહુમતી ટ્રસ્ટીઓઓ/કારોબારી સભ્યો જાતે | સત્તાધારી વ્યક્તિ/પક્ષ પ્રાપ્ત સત્તાનો દુરઉપયોગ કરે અને સદર મિટિંગ માટે ઑફિસનો ઉપયોગ કરવા ન દે અથવા |

| | | | |
|---|---|---|---|
| | જાતે આવી મિટિંગ ટ્રસ્ટની ઓફિસે બોલાવવાની રહેશે. | આવી મિટિંગ ટ્રસ્ટની ઓફિસે બોલાવી શકશે. આવી મિટિંગ સંસ્થાની ઓફિસે અથવા જરૂર પડે અન્ય જાહેર સ્થળે બોલાવી શકશે. | અસહકારી વર્તન કરે તેવા સંજોગોમાં અન્ય જાહેર સ્થળનો મિટિંગ માટે ઉપયોગ કરી શકાય. |
| (૧૫) સલાહકાર સમિતિ તથા અન્ય | (૧) સમાજના હિતમાં જરૂરી સલાહ સૂચનો અને માર્ગદર્શન યોગ્ય સમયે મળી રહે તે હેતુથી ટ્રસ્ટી મંડળ એક સલાહકાર મંડળની નિમણુંક કરી શકશે. જેમાં પૂર્વ પ્રમુખો, ઉપપ્રમુખો, મંત્રીઓ તથા સમાજની વિશિષ્ટ તજજ્ઞોમાંથી એક સલાહકાર સમિતિ નીમી શકશે. જેની કુલ સભ્ય સંખ્યા પાંચ સભ્યોની રહેશે. આ સમિતિના સભ્યોને ટ્રસ્ટીમંડળની બેઠકમાં નિમંત્રણ અપાશે જો કે તેમને મતાધિકાર રહેશે નહી. | સલાહકાર સમિતિ-શિસ્ત સમિતિ તથા અન્ય :<br>૧. સલાહકાર સમિતિ : સમાજના હિતમાં જરૂરી સલાહ સૂચનો અને માર્ગદર્શન યોગ્ય મળી રહે તે હેતુથી કારોબારી સમિતિ એક સલાહકાર સમિતિની નિમણુક કરશે. જેમાં પૂર્વ હોદેદારો તથા સમાજના વિશિષ્ટ તજજ્ઞોની એક સમિતિ નીમી શકશે. આ સમિતિના સભ્યોને કારોબારી સમિતિની મિટિંગમાં નિમંત્રણ અપાશે જો કે તેઓ મતાધિકારને પાત્ર રહેશે નહીં. | વહીવટી કાર્યની અનુકૂળતા માટે |
| | (૨) સમાજની પ્રવૃત્તિઓ સૌ માહિતગાર થાય તેમજ સમાજના હિતમાં ટ્રસ્ટી મંડળની મિટિંગમાં સમાજના અન્ય મંડળોના પ્રમુખને આમંત્રિત સભ્યો તરીકે આમંત્રિત કરી શકશે. | ૨. સમાજની પ્રવૃત્તિથી સૌ માહિતગાર થાય તેમજ સમાજની પ્રવૃત્તિથી અન્ય ઘટકો માહિતગાર રહે તેમજ સમાજના હિતમાં કારોબારી સમિતિની મિટિંગમાં સમાજના અન્ય મંડળના પ્રમુખને આમંત્રિત સભ્યો તરીકે આમંત્રિત કરી શકાશે. | પારસ્પરીક અનુભવોનો આદાન પ્રદાન કરી વહીવટી ઉત્કૃષ્ટતા આવે તે માટે |
| | (૩) સમાજના મુખપત્ર શ્રીગૌડ જાગૃતિના સંચાલન માટે એક સમિતિની રચના ટ્રસ્ટી મંડળ કરશે. આ સમિતિ ટ્રસ્ટી મંડળને જવાબદાર રહેશે અને યોગ્ય લાગે તો ટ્રસ્ટી મંડળ તેમાં ફેરફાર કરી શકશે. | ૩. સમાજનું મુખપત્ર શ્રીગૌડ જાગૃતિનું સંચાલન કારોબારી દ્વારા નિયુક્ત સમિતિ કરશે. જેમાંથી તંત્રી તથા તંત્રી મંડળની રચના કરશે. જેમની મુખ્ય જવાબદારી સમાજનું મુખપત્ર નિયમીત રીતે પ્રકાશીત થાય તે જોવાનું રહેશે. | સમાજની ગતિવિધીથી તમામ સભ્યો વાકેફ રહે તે માટે વ્યવસ્થિત તંત્ર જરૂરી છે. |
| | | (એ) તંત્રી મંડળમાં વધુમાં વધુ ૭ સભ્યો રાખી શકાશે. તંત્રી-૧, સંપાદક-૧, મંત્રી-૧, કારોબારી સમિતિના સભ્યો-૨, આજીવન સભ્યો પૈકી-૨ એમ કુલ ૭ સભ્યો | નિષ્પક્ષ રીતે સમાજની પ્રવૃત્તિઓનો સચોટ પ્રકાશન થાય તે હેતુ. |
| | | (બી) શ્રીગૌડ જાગૃતિમાં પ્રમુખશ્રી/મંત્રીશ્રી તરફથી પ્રાપ્ત થયેલ તમામ લખાણ તથા જ્ઞાતિ સમાચાર તથા તે સિવાયનું તમામ લખાણ, તંત્રી મંડળની સર્વસંમતિથી પસંદ કરશે અને | સમાજના વિવિધ ઘટકોને યોગ્ય ન્યાય મળે તે માટે. |

| | | | |
|---|---|---|---|
| | | જરૂર પડે બહુમતીથી પસંદ કરી શકશે તથા પ્રકાશિત કરશે. | |
| | | (સી) શ્રીગૌડ જાગૃતિ નું કદ, લવાજમ અને તેના સંચાલન અંગેની નીતિ વગેરે તંત્રી મંડળ, કારોબારી સમિતિ સાથે વિચાર વિનિમય કરીને વખતોવખત નક્કી કરી શકશે. | નાણાંકીય અગવડતા નિવારી શકાય. |
| | | (ડી) શ્રીગૌડ જાગૃતિ વિષેની તમામ વિગતો સાથેનો અહેવાલ તંત્રીશ્રીએ કારોબારીની પ્રત્યેક મિટિંગમાં રજૂ કરવાનો રહેશે અને તેના આવક, જાવકના ખર્ચને મંજૂર કરાવવાનું રહેશે. | વહીવટી પારદર્શકતા માટે |
| | | (ઈ) શ્રીગૌડ જાગૃતિના પ્રકાશકની નિમણુક કારોબારી સમિતિ કરશે. અને તે તંત્રીમંડળના એક્સ ઓફિસીઓ સભ્ય ગણાશે. | વહીવટી સરળતા માટે |
| | (૪) નવા ટ્રસ્ટી મંડળની વરણી થયા પછી જુના ટ્રસ્ટી મંડળે દિન-૧૫માં વહીવટ સોંપી દેવાનો રહેશે. | ૪. નવી કારોબારી / નવા ટ્રસ્ટી મંડળની વરણી થયા પછી જુની કારોબારી / ટ્રસ્ટી મંડળે દિન ૧૫ માં નવી કારોબારી/ટ્રસ્ટી મંડળને વહીવટ સોંપી દેવાનો રહેશે. | વહીવટી સરળતા માટે |
| | (૫) | ૫. શિસ્તભંગ સમિતિઃ<br>(એ) આવશ્યક્તા જણાતા કારોબારી નિયુક્ત પામેલ સભ્યો પૈકી ત્રણ (૩) સભ્યોની એક કમિટી નિમશે. જે શિસ્ત સમિતિ તરીકે ઓળખાશે. તેને સહાયભૂત થવા એક કાયદા નિષ્ણાતની નિમણુંક અલગથી કરી શકશે. આ શિસ્ત સમિતિ રૂબરૂ જે નીતિ વિષયક પ્રશ્નોની રજૂઆત કરશે તેનો એક રીપોર્ટ પ્રમુખશ્રીને રજૂ કરશે. જે પછીથી કારોબારી સમિતિમાં ચર્ચા વિચારણા માટે મુકાશે અને કારોબારી સર્વસંમતિ અથવા બહુમતિથી તે એન્જડા મંજૂર / ના મંજૂર કરશે. | સંગઠનમાં પારસ્પરીક વૈમનસ્ય થતું અટકાવવા તથા માન-મર્યાદા જાળવવા જરૂરી છે. |
| | | (બી) બંધારણમાં આવરી લેવાયેલ કોઈપણ પ્રકારના સભ્ય, સંસ્થાના હોદ્દેદારો વગેરે દ્વારા આચરાયેલ કોઈપણ પ્રકારની અવાંચ્છનીય પ્રવૃત્તિ, આરોપ વગેરેમાં સદર શિસ્ત સમિતિ તપાસ કરી શકશે અને તે માટે જરૂર જણાયે સભાસદ કે અન્ય સંબંધીત વ્યક્તિઓના જવાબ લઈ શકશે. તમામ | વહીવટી કાર્યદક્ષતા માટે |

| | | | |
|---|---|---|---|
| | | પ્રકારની તપાસ પૂર્ણ થયા બાદ ઉપલબ્ધ પુરાવા નિવેદન વગેરેને ધ્યાનમાં લઈને યોગ્ય નિર્ણય લઈ શકશે અને તેના રીપોર્ટની એક નકલ પ્રમુખશ્રીને આગળની કાર્યવાહી કરવાના હેતુ માટે મોકલશે. જેને પ્રમુખશ્રીને કારોબારીની મિટિંગમાં રજૂ કરી ઠરાવ દ્વારા યોગ્ય પગલા લઈ શકશે. | |
| | | (સી) નીચે દર્શાવેલ પ્રવૃત્તિઓ અવાંચ્છનીય ગણાશે સંસ્થાની ગરીમા/ભંગ, હોદ્દેદારોના માન-મોભાનું અપમાન, સભ્યોનું અપમાન, અશ્લીલ ભાષાનો ઉપયોગ, હોદ્દેદારો દ્વારા ઠરાવ પાલનના આગ્રહની અવગણના, હિંસા મારામારી, નશાયુક્ત પીણાનું સેવન વગેરેનો અનિચ્છનીય વર્તનમાં સમાવેશ ગણાશે. | પરિજન એકતા જળવાઈ રહે તે માટે આવશ્યક છે. |
| | | (ડી) સમાજના હેતુઓ અને ઉદ્દેશોની ધરાર અવહેલના (અવગણના) સમાજના ઉત્કર્ષ-વિકાસને અવરોધક આચરવામાં આવેલ પ્રવૃત્તિઓ, પરસ્પર વૈમનસ્ય પ્રેરકકાર્ય સમાજની એકતા અને અખંડીતતાથી વિપરીત વર્તન, રાજકીય પક્ષનો પ્રચાર વગેરેનો સમાવેશ ગણાશે. | પરસ્પરની એકતા જળવાઈ રહે તે માટે. |
| | | (ઈ) સંસ્થાના પ્રસ્થાપિત મૂલ્યોનો અનાદર પણ અનિચ્છનીય વર્તનમાં ગણાશે. કારોબારી કે સામાન્ય સભા દ્વારા પસાર કરેલ ઠરાવોનો અમલ જે તે સભ્ય દ્વારા ન થાય તે પણ અશિસ્તમાં આવરી લેવાશે. અપપ્રચાર તેમજ સંસ્થાને અહીત કરતુ કોઈપણ કાર્ય કે કોઈપણ પ્રવૃત્તિ તથા અશોભનીય અને અનૈતિક વર્તન પણ અશિસ્તની વ્યાખ્યામાં સમાવિષ્ટ થશે. | પરસ્પરની એકતા જળવાય તે માટે. |
| | | (એફ) સમાજના પુરુષ/મહિલા સભ્ય કે હોદ્દેદારનું માન કે મર્યાદા ન જાળવી શકાય તેવું વર્તન અશિસ્ત ગણાશે તથા કારોબારી કે સામાન્ય સભા દરમ્યાન આચરવામાં આવેલ અશોભનીય કે અપમાનજનક વર્તન અશિસ્ત ગણાશે. | કૌટુંબીક વાતાવરણ પ્રસ્થાપિત કરવા માટે. |
| | | (જી) શિસ્ત સમિતિના કાર્યક્ષેત્રમાં સમાજના સભ્ય, કારોબારી સભ્ય કે કોઈપણ હોદ્દેદારો | તટસ્થ નિર્ણય માટે |

| | | | |
|---|---|---|---|
| | | તથા પદાધિકારીઓની આંતરીક કે બાહ્ય દખલગીરી માન્ય રહેશે નહીં અને સંપૂર્ણ સ્વતંત્ર રીતે કાર્ય કરી શકશે. | |
| (૧૬) ટ્રસ્ટીઓની મિટિંગની નોટીસ | ટ્રસ્ટીઓની મિટિંગની નોટીસ પણ ટપાલ, ઇ-મેઈલ, વૉટ્સએપ, વેબસાઈટથી અગર સરક્યુલરથી જાણ કરી શકસે. જો તે નોટીસ મોકલવા બાબત ટ્રસ્ટીઓ તરફથી કોઈ નિયમ ઘડવામાં આવે તો તે મુજબ કાર્યવાહી કરી શકશે. | ટ્રસ્ટીઓની તથા કારોબારીની મીટીંગની નોટીસ પણ ટપાલ, ઈ-મેલ, વૉટ્સએપ, વેબસાઈટથી અગર સરક્યુલરથી જાણ કરશે. જો તે નોટીસ મોકલવા બાબત ટ્રસ્ટીઓ / કારોબારી તરફથી કોઈ નિયમ ઘડવામાં આવે તો તે મુજબની કાર્યવાહી કરશે. | |
| (૧૭) કોરમ | ટ્રસ્ટીઓની મિટિંગનું કોરમ ૧/૩ સંખ્યા હાજરીથી થયેલું ગણાશે. મિટિંગ માટે નીયત કરેલા સમયથી અડધા કલાકની અંદર કોરમના થાય તો તે મિટિંગ મુલતવી રહેશે. આવી મુલ્તવી રહેલ મિટિંગ તે જ દિવસે અડધા કલાક પછી ભરી શકશે અને તેવી મિટિંગમાં કોરમની જરૂરિયાત રહેશે નહીં અને તેમાં કરેલા તમામ કાર્ય કાયદેસરના ગણાશે. | ટ્રસ્ટીઓની/કારોબારી સમિતિની મિટિંગનું કોરમ ૧/૩ સંખ્યા હાજરીથી થયેલ ગણાશે. મિટિંગ માટે નિયત કરેલા સમયથી અડધા કલાકની અંદર કોરમ ના થાય તો તે મિટિંગ મુલત્વી રહેલી ગણાશે અને આવી મુલત્વી રહેલ મિટિંગ તે જ દિવસે અને તે જ સ્થળે અડધા કલાક પછી ભરી શકાશે અને તેવી મિટિંગમાં કોરમની જરૂરિયાત રહેશે નહીં અને તેમાં કરેલા તમામ કાર્ય કાયદેસરના ગણાશે. | વહીવટી સરળતા માટે |
| (૧૮) બહુમતી ઠરાવ | નવા ટ્રસ્ટીઓની નિમણુક સિવાયના દરેક પ્રશ્નો નિર્ણય સભામાં હાજર રહેલા ટ્રસ્ટીઓએ બહુમતીથી કરવાનો છે. દરેક ટ્રસ્ટીને એક મત આપવાનો હક્ક રહેશે. પરંતુ કોઈ પ્રસંગે સરખા મત પડે તો પ્રમુખ પોતાનો બીજો વધારાનો મત આપી શકશે. | નવા ટ્રસ્ટીઓની નિમણુંક સિવાયના દરેક પ્રશ્નનો નિર્ણય સભામાં હાજર રહેલા ટ્રસ્ટીઓએ બહુમતીથી કરવાનો રહેશે. દરેક ટ્રસ્ટીએ એક મત આપવાનો હક્ક રહેશે. તેમજ કારોબારી મિટિંગ અને સામાન્ય સભામાંની મિટિંગમાં તમામ ઠરાવો હાજર રહેલ સભ્યોની બહુમતીથી કરવામાં આવશે. વળી, કોઈપણ પ્રસંગે એક સરખા મત પડે તો મિટિંગના પ્રમુખશ્રી તેમનો વધારાનો મત આપી શકશે. | વહીવટી સરળતા માટે |
| (૧૯) પરીપત્ર | જો બધા ટ્રસ્ટીઓ સહમત હોય તો રોજબરોજના કામકાજને લગતા સામાન્ય કામો અગર ખૂબ તાત્કાલીક જરૂરિયાતની બાબતોનો નિર્ણય ફક્ત પરિપત્રથી ટ્રસ્ટીઓ તેમની મિટિંગ બોલાવ્યા વગર કરી શકશે. આવા પ્રશ્ન પર મતભેદ પડે તો તેનો નિકાલ તેની ત્યારબાદ પછીની ટ્રસ્ટી મંડળની મિટિંગમાં બહુમતીથી કરવો જોઈશે. | જો બધા ટ્રસ્ટીઓ/કારોબારી સભ્યો સહમત થાય તો રોજબરોજના કામકાજને લગતા સામાન્ય કામો અગર ખૂબ તાત્કાલીક જરૂરિયાતની બાબતનો નિર્ણય ફક્ત પરિપત્રથી ટ્રસ્ટીઓ/કારોબારી સભ્યો મિટિંગ બોલાવ્યા વગર કરી શકશે. આવા પ્રશ્ન પર મતભેદ પડે તો તેનો નિકાલ તેની ત્યારપછીની ટ્રસ્ટી મંડળ / કારોબારી | આવશ્યક્તા અનુસાર નિર્ણય લેવાય અને વિલંબથી થનાર નુકશાન નિવારી શકાય. |

| | | | |
|---|---|---|---|
| | | સમિતિની બેઠકમાં બહુમતીથી કરવાનો રહેશે. | |
| (૨૦) મીનીટ્સ બુક | | (૨૦)(ડ)<br>ટ્રસ્ટી મંડળ / કારોબારી સમિતિ / સામાન્ય સભાની મીનીટ્સ બુક અલગ રાખવી પડશે. જેમાં દરેક મિટિંગમાં કરવામાં આવેલ તમામ કામકાજની ચોખ્ખી વિગતો તથા પરિપત્રથી જે હકીકતોનો નિર્ણય કરવામાં આવ્યો હોય તે પરિપત્રની નકલ સાચવી રાખવી પડશે. | |
| (૨૧) ટ્રસ્ટની મિલકતો | ટ્રસ્ટના પી.ટી.આર. પરિશિષ્ટમાં જણાવેલ ટ્રસ્ટની સ્થાવર મિલક્ત તથા જંગમ મિલક્તો છે. તે મિલક્તો જ્યાં તેનો વધારો તથા હવે પછી જે નવી મિલક્તો ટ્રસ્ટ તરફથી સંપાદન કરવામાં આવે તે તમામ ટ્રસ્ટની મિલક્તો કહેવાશે. | ટ્રસ્ટના પી.ટી.આર. પરિશિષ્ટમાં જણાવેલ ટ્રસ્ટની સ્થાવર મિલક્ત તથા જંગમ મિલકતો છે. તે મિલકતો તથા તેનો વધારો તથા હવે પછી જે નવી મિલકતો ટ્રસ્ટ તરફથી સંપાદન કરવામાં આવે તે તમામ મિલકત ટ્રસ્ટની મિલકત કહેવાશે.<br>સમાજના ઉપયોગ માટે કારોબારી સમિતિ સ્થાવર અને જંગમ મિલક્તો ખરીદી શકશે તેમજ બીનજરૂરી અથવા બિનઉપયોગી મિલક્તો ચેરીટી કમિશ્નરશ્રીની મંજુરીથી વેચાણ કરી શકશે. તેમજ સમાજને લગતી સેવાકીય સંસ્થાઓ જેવી કે આંગણવાડી શાળાઓ, કૉલેજ તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ તથા દવાખાના આરોગ્ય કેન્દ્ર. મેડીકલ લેબોરેટેરી જેવી સમાજને જરૂરી સેવાકીય પ્રવૃત્તિઓ શરૂ કરી શકશે તથા તે માટે સ્થાવર કે જંગમ મિલક્ત ઊભી કરી શકશે તથા નિભાવી શકશે. | પ્રત્યેક વિભાગનો રેકર્ડ બરાબર રહે તે માટે તથા સમાજના ઉપયોગમાં ટ્રસ્ટની તમામ લિકતો લઈ શકાય અને બીનજરૂરી મિલક્તોનો યોગ્ય રાહે નિકાલ કરી શકાય. |
| (૨૪) હિસાબ રાખવા બાબત | ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની મિલક્ત વ્યવસ્થા સંબંધીત યોગ્ય હિસાબ રાખવાનો રહેશે અને હિસાબ ધી ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ પ્રમાણે હિસાબી વર્ષ પૂર્ણ થયા પછી છ માસની અંદર ઓડિટ કરાવી ટ્રસ્ટી મંડળની મિટિંગમાં મંજુર કરાવી પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન ઑફિસમાં મોકલવાનો રહેશે. ટ્રસ્ટનું હિસાબી વર્ષ ૧લી એપ્રિલ થી શરૂ થઈ ૩૧ મી માર્ચે પૂરું થશે. | ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની મિલક્ત વ્યવસ્થા સંબંધિત યોગ્ય હિસાબ રાખવાનો રહેશે અને હિસાબ ધી ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ પ્રમાણે હિસાબી વર્ષ પૂર્ણ થયા પછી છ માસની અંદર ઓડિટ કરાવી ટ્રસ્ટી મંડળ/કારોબારી સમિતિની મિટિંગમાં મંજુર કરાવી સામાન્ય સભામાં મંજુર કરાવવાના રહેશે. ત્યારબાદ પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન ઑફિસમાં મોકલવાના રહેશે. સંસ્થાનું હિસાબી વર્ષ ૧લી એપ્રિલથી શરૂ થઈ ૩૧ માર્ચમાં પૂરું થશે. | નાણાંકીય નિયમીતતા રહે જરૂરી છે. |

| | | | |
|---|---|---|---|
| (૨૬) ટ્રસ્ટના નાણાં રોકવા બાબતે | ટ્રસ્ટના નાણાં અને મિલક્તો ધી ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ ની કલમ ૩૫ પ્રમાણે રોકવાના રહેશે અને સામાન્ય રીતે ટ્રસ્ટીઓએ ઠરાવથી નક્કી કરે તે મુજબ હાથ ઉપર રોકડ રકમ રાખી શકાશે. જરૂરિયાત મુજબની રકમ હાથ પર રાખી બાકીની રકમ રાષ્ટ્રીય કૃત બેંકમાં રાખવી. બેંકમાં રાખવામાં આવાતા તમામ ખાતાઓ ટ્રસ્ટના નામ પર રાખવામાં આવશે. બેંક ખાતુ ત્રણ ટ્રસ્ટીઓની સહીથી ઓપરેટ કરવાનું રહેશે. બેંકના વ્યવહારમાં પ્રમુખની સહી ફરજિયાત રહેશે અને બાકીના ગમે તે બે ટ્રસ્ટીમાંથી ગમે તે એકની સહીથી ઓપરેટ કરવાનું રહેશે. | સંસ્થાના નાણાં અને મિલક્તો ધી ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ ની કલમ - ૩૫ પ્રમાણે રોકવાના રહેશે અને સામાન્ય રીતે કારોબારી સભ્યો ઠરાવથી નક્કી કરે તે મુજબ હાથ પર રોકડ રકમ રાખી શકાશે. જરૂરિયાત મુજબની રકમ હાથ પર રાખી બાકીની રકમ રાષ્ટ્રીય કૃત બેંકમાં રાખવી. બેંકમાં રાખવામાં આવતા તમામ ખાતાઓ સંસ્થાના નામ ઉપર રાખાવમાં આવશે. બેંક ખાતુ ત્રણ અધિકૃત હોદ્દેદારોની સહીથી ખોલવાનું રહેશે. બેંક વ્યવહારમાં પ્રમુખની સહી ફરજિયાત રહેશે અને બાકીના બે અધિકૃત હોદ્દેદારો પૈકી એકની સહીથી ઓપરેટ કરવાનું રહેશે. | નાણાંકીય નિયંત્રણ અને પારદર્શિતા રહે તે જરૂરી છે. |
| (૨૮) | ટ્રસ્ટની માલીકીની તમામ જણસો, ફર્નિચર તથા તમામ જંગમ મિલકતોની વિગતવાર પુરેપુરી યાદી ટ્રસ્ટીઓએ બનાવવાની રહેશે. સદર યાદીમાં ઉમેરવામાં આવતી એક એક વિગત ઉપર ટ્રસ્ટીઓ અથવા તેમણે તે બાબતમાં સત્તા આપેલ વ્યક્તિએ પોતાની સહી કરવાની રહેશે. યાદી પ્રમાણેની વસ્તુઓ વર્ષમાં ઓછામાં ઓછી એકવાર મેળવી જોવી અને તમામ ટ્રસ્ટીઓએ આ પ્રમાણે કર્યા બાબતની સહી કરવી. | ટ્રસ્ટની માલીકીની તમામ જણસો, ફર્નિચર તથા તમામ જંગમ મિલક્તોની વિગતવાર યાદી ટ્રસ્ટીઓએ સત્તા આપેલ વ્યક્તિએ બનાવવાની રહેશે. સદર યાદીમાં ઉમેરવામાં આવતી એક એક વિગત ઉપર પ્રમુખશ્રી અથવા તેમણે તે બાબતમાં સત્તા આપેલ વ્યક્તિએ પોતાની સહી કરવાની રહેશે. યાદી પ્રમાણેની વસ્તુઓ વર્ષમાં ઓછામાં ઓછી એકવાર મેળવી જોવી અને તમામ ટ્રસ્ટીઓએ આ પ્રમાણે કર્યા બાબતની સહી કરવી. | વહીવટી કાર્ય સરળતા |
| (૨૯) નોકરો રાખવા બાબતે | આ ટ્રસ્ટનો વહીવટ કરવા માટે ટ્રસ્ટી મંડળ જરૂરી લાગે તેટલા નોકરો-કર્મચારીઓ તેમને યોગ્ય લાગે તે શરતોએ તથા તેમને યોગ્ય લાગે તે પ્રમાણે પગાર, મહેનતાણું, મોંઘવારી વગેરે આપવાનું નક્કી કરી રાખી શકશે તેમજ જરૂરિયાત મુજબ છુટા કરવા અંગેના નિર્ણય જોગવાઈઓને ધ્યાનમાં રાખી તથા સંસ્થાની જોગવાઈને ધ્યાને રાખી ટ્રસ્ટી મંડળ નિર્ણય કરી શકશે. ટ્રસ્ટીઓ જે નોકરો તથા કર્મચારીઓને રાખે તેમને ટ્રસ્ટની મિલકતોની ઓરડી અગર ઓરડીઓ તેમને યોગ્ય લાગે તે | આ સંસ્થાના વહીવટ કરવા માટે કારોબારી સમિતિ જરૂર લાગે તેટલા નોકરો-કર્મચારીઓ તેમને યોગ્ય લાગે તે શરતોએ તથા તેમને યોગ્ય લાગે તે પ્રમાણે પગાર-મહેનતાણું વગેરે આપવાનું નક્કી કરી રાખી શકશે. તેમજ જરૂરિયાત મુજબ છૂટા કરવા અંગેનો નિર્ણય શરતોને ધ્યાને રાખી તથા સંસ્થાની જરૂરિયાતને ધ્યાને રાખી કારોબારી સમિતિ, નિર્ણય કરી શકશે. ટ્રસ્ટીમંડળ, કારોબારી સમિતિ જે નોકરો તથા કર્મચારીને રાખે તેમને સંસ્થાની મિલક્તોની ઓરડી અગર ઓરડીઓ, તેમને યોગ્ય લાગે તે શરતોએ સંસ્થામાં તેઓ નોકરી કરે ત્યાં સુધી | |

| | | | |
|---|---|---|---|
| | શરતોએ ટ્રસ્ટમાં નોકરી કરે ત્યાં સુધી વાપરવા આપી શકશે. પરંતુ, આવા નોકરો કે કર્મચારીઓ / ટ્રસ્ટીઓના સગા સંબંધી ન હોવા જોઈએ. | વાપરવા આપી શકશે. પરંતુ, આવા નોકરો કે કર્મચારીઓ ટ્રસ્ટીઓના/કારોબારી સમિતિના સભ્યોના સગા સંબંધી ન હોવા જોઈએ. | |
| (૩૦) પેટા સમિતી બાબત | ટ્રસ્ટી મંડળને યોગ્ય લાગે ત્યારે ટ્રસ્ટના વહીવટના કોઈપણ કામ માટે ટ્રસ્ટી મંડળમાંથી અને સભ્યોમાંથી પેટા સમિતિ નીમી શકશે અને તે પેટા સમિતિ જે કાંઈ કાર્ય કરશે અને રીપોર્ટ ટ્રસ્ટીઓને સોંપશે, તે રીપોર્ટ પર ટ્રસ્ટીમંડળ જે નિર્ણય કરશે તે આખરી ગણાશે. | કારોબારી સમિતિને યોગ્ય લાગે ત્યારે સંસ્થાના વહીવટના કોઈપણ કામ માટે, સમાજની કલ્યાણકારી પ્રવૃત્તિઓ માટે અલગ અલગ સમિતિ ટ્રસ્ટી મંડળ / કારોબારી સમિતિમાંથી અને સભ્યોમાંથી પેટા સમિતિ નીમી શકશે અને તે પેટા સમિતિ જે કાંઈ કાર્ય કરશે અને તેનો રીપોર્ટ પ્રમુખ શ્રી દ્વારા કારોબારીને સોંપશે તે રીપોર્ટ ઉપર કારોબારી જે નિર્ણય કરશે તે આખરી ગણાશે. | વહીવટી સરળતા રહે તે માટે. |
| (૩૨) આ યોજનામાં ફેરફાર કરવા બાબત | (૧) સમાજની યોજનામાં ફેરફાર કરવા માટે જે તે સમયે ટ્રસ્ટી મંડળના સભ્યો પૈકી કોઈ પાંચ વ્યક્તિઓની યોજના સુધારણા સમિતિની નિમણુંક કરવામાં આવશે. | ૧. કારોબારી સમિતિ દ્વારા સમાજની યોજનામાં ફેરફાર કરવા માટે જે તે સમયે ટ્રસ્ટી મંડળના / કારોબારી સમિતિના સભ્યો પૈકી કોઈપણ પાંચ વ્યક્તિઓની યોજના સુધારણા સમિતિની નિમણુંક કરવામાં આવશે. | વહીવટી સરળતા માટે |
| | (૨) યોજના સુધારણા સમિતિ સંયુક્ત રીતે બહુમતી દ્વારા નવી સુધારેલ યોજના તૈયાર કરીને સૌ પ્રથમ ટ્રસ્ટી મંડળની બેઠકમાં રજૂ કરશે. | ૨. યોજના સુધારણા સમિતિ સંયુક્ત રીતે બહુમતી દ્વારા નવી સુધારેલ યોજના તૈયાર કરીને સૌપ્રથમ કારોબારી સમિતિની અને ટ્રસ્ટી મંડળની સંયુક્ત બેઠકમાં રજૂ કરશે જેની કાર્યનોંધ કારોબારી સમિતિની મીનીટ્સ બુકમાં નોંધવામાં આવશે. | વહીવટી સરળતા માટે |
| | (૩) ટ્રસ્ટી મંડળની બેઠક દરમ્યાન હાજર સભ્યોની બહુમતીની ઠરાવ પસાર કરી નવી સુધારેલ યોજના મંજુર કરવા માટે સામાન્ય સભાને રૂબરૂ રજુઆત કરી ભલામણ કરી શકશે. | ૩. કારોબારી સમિતિની તેમજ ટ્રસ્ટી મંડળની બેઠક દરમ્યાન હાજર સભ્યોની બહુમતીતી ઠરાવ પસાર કરી નવી સુધારે યોજના મંજુર કરવા માટે સામાન્ય સભાને રૂબરૂ રજૂઆત કરી ભલામણ કરી શકશે. | |
| (૩૩) ટ્રસ્ટ બંધ કરવા માટે | (૧) કોઈપણ કારણસર ટ્રસ્ટ બંધ કરવાનું ટ્રસ્ટીઓને યોગ્ય લાગે તો સર્વાનુમતે ઠરાવથી ટ્રસ્ટની મિલક્ત અને જવાબદારીઓ, ઈન્કમટેક્ષ અને ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એક્ટ-૧૯૫૦ના કાયદાની જોગવાઈઓને આધીન રહીને સમાન ઉદ્દેશ વાળી સંસ્થા કે સંસ્થાઓને સોંપી શકશે. | ૧. કોઈપણ કારણસર સંસ્થા બંધ કરવાનું કારોબારી સમિતિને / ટ્રસ્ટીઓને યોગ્ય લાગે તો સામાન્ય સભામાં બહુમતીથી અથવા સર્વાનુમતે ઠરાવથી ટ્રસ્ટની મિલકત અને જવાબદારીઓ ઈન્કમટેક્ષ અને ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એક્ટ - ૧૯૫૦ના કાયદની જોગવાઈઓને આધીન રહી સમાન ઉદ્દેશવાળી સંસ્થા કે સંસ્થાઓને સોંપી શકશે. | સંસ્થાનો તમામ વ્યવહાર નિયમોથી નિયંત્રીત તથા પારદર્શી હોવો આવશ્યક છે. |

| | | | |
|---|---|---|---|
| | (૨) | ૨. સમાજને પબ્લીક ટ્રસ્ટ મંડળ રજીસ્ટર્ડ કરાવવાના પ્રસંગ સમયે સંબંધીત ખાતા તરફથી બંધારણની કોઈ કલમોમાં ફેરફાર કરવાની સૂચનાની તાત્કાલીક જરૂરિયાત ઉભી થાય તો તેવા સામાન્ય ફેરફાર કરવાનો ટ્રસ્ટી મંડળને બહુમતી અથવા સર્વાનુમતે પસાર કરવાનો અધિકાર રહેશે. | |
| | (૩) | ૩. સમાજના બંધારણમાં જે બાબતોનો સમાવેશ ન હોય તેવા કોઈ પ્રસંગ અને બાબતોમાં કારોબારી સમિતિ ટ્રસ્ટીમંડળના પરામર્શમાં રહીને સમાજના હિતને ધ્યાનમાં લઈ વિવેક બુદ્ધિ અનુસાર સર્વાનુમતે અથવા બહુમતીથી નિર્ણય લઈ શકશે જે સમાજના તમામ સભ્યોને માન્ય રહેશે. | |
| | (૪) | ૪. સંજોગોવશાત આ સંસ્થા બંધ કરવાનો ભવિષ્યમાં પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે સંસ્થાની જે જવાબદારીઓ હોય તે અદા કરી બાકી રહેલી સ્થાવર મિલકત, જંગમ મિલકત તથા રોકડ મિલકત આવા જ પ્રકારની સેવા કરતી બીજી રજીસ્ટર્ડ સંસ્થાને આપવાનો અથવા અન્ય કોઈ નિર્ણય ફક્ત સામાન્ય સભામાં સર્વાનુમતે અથવા બહુમતી નિર્ણયથી લઈ શકશે. | |
| (૩૪) આ યોજનાની કલમોનો અર્થ સંબંધમાં | આ યોજનાની કલમોના અર્થ સંબંધમાં ટ્રસ્ટીઓમાં મતભેદ પડે તો આ બાબતમાં ટ્રસ્ટીઓએ ચેરીટી કમિશ્નરને લેખિતમાં અરજી કરવાની રહેશે અને તે અરજી ઉપર ચેરીટી કમિશ્નરનો જે નિર્ણય આપે તે નિર્ણય છેવટનો અને આખરી ગણાશે. | આ યોજનાની કલમોના અર્થ સંબંધમાં ટ્રસ્ટીઓ / કારોબારી સભ્યોમાં મતભેદ પડે તો આ બાબતમાં માનનીય ચેરીટી કમિશ્નર સાહેબને લેખીતમાં અરજી કરવાની રહેશે અને તે અરજી ઉપર માનનીય ચેરીટી કમિશ્નર સાહેબ જે નિર્ણય આપે તે છેવટનો અને આખરી ગણાશે. | પરસ્પરીક મતભેદના ઉકેલ માટે અતિ જરૂરી છે,. |

નોંધ :

(૧) ઉપરોક્ત સુચિત સુધારણાના કોઈ મુદ્દા અંગે કોઈ સભ્યને ફેરફાર કરવા યોગ્ય લાગતુ હોય તો સામાન્ય સભાની તારીખના એક અઠવાડીયા અગાઉ તા. ૨૫-૦૪-૨૦૨૨ સુધીમાં લેખિતમાં મંત્રીશ્રીને જણાવવું જેથી તે અંગે ટ્રસ્ટીઓ સાથે ચર્ચા વિચારણા કરી સામાન્ય સભામાં રજૂ કરી શકાય.

(૨) ચેરીટી કમિશ્નરશ્રીએ મંજુર કરેલ નવી સ્કીમ (બંધારણ) સમાજની વેબસાઈટ www.samastshreegaudsamajgujarat.org પર મુકવામાં આવેલ છે.

## સમાચાર સંચય

- **જ્ઞાતિ ગૌરવ :** શ્રી હેમચન્દ્રાચાર્ય ચન્દ્રક એ શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં મૂર્ધન્ય વિદ્વજ્જનોને આપવામાં આવતો એક પ્રતિષ્ઠિત પુરસ્કાર છે. આજ સુધીમાં જૈનાચાર્ય શ્રીવિજયસૂર્યોદય સૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી સ્થપાયેલ ટ્રસ્ટ દ્વારા ૧૬ જેટલાં સૌથી પ્રતિષ્ઠિત અને બૌદ્ધિકને આ ચન્દ્રક પ્રદાન કરવામાં આવ્યો છે. ગત રવિવારે આપણા જ્ઞાતિ બંધુ જાણીતા સંસ્કૃત ભાષાના વિદ્વજ્જન **પ્રા. ડૉ. વિજયભાઈ પંડ્યા**ને અર્પણ કરવામાં આવ્યો હતો. આ પુરસ્કાર ચન્દ્રક અર્પણ સમારોહ રવિવાર તા. ૨૦-૩-૨૦૨૨, સવારે ૯-૦૦ કલાકે સ્થળ: શેઠ હઠીસિંહ કેસરીસિંહ ઉપાશ્રય, હઠીભાઈની વાડી, અમદાવાદ યોજાઈ ગયો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે જાણીતા શેઠ શ્રી સંવેગભાઈ લાલભાઈ, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરી અને શ્રી અરવિંદભાઈ જામખેડકર, આપણા સમાજના પૂર્વપ્રમુખ પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાય વગેરે મહાનુભાવો હાજર રહ્યા હતા. સ્નેહી વડીલબંધુ શ્રી વિજયભાઈ ને તમામ જ્ઞાતિ બંધુ તરફથી ખૂબ ખૂબ અભિનંદન




- શ્રીગૌડ સેવા સમાજ - મુંબઈ ની 2022-2025 માટેની નવી કાર્યકારીણી સમિતિ ના સર્વાનુમતે નિમાયેલ સભ્યોની યાદી :

1. શ્રી યતીન નરેન્દ્રભાઈ પાઠક - પ્રમુખ
2. શ્રી વિપુલભાઈ જોષી - ઉપ-પ્રમુખ
3. શ્રી ધર્મેશભાઈ વ્યાસ - ઉપ-પ્રમુખ
4. શ્રી ઉમંગભાઈ દવે - સેક્રેટરી
5. શ્રી રોહિતભાઈ શાસ્ત્રી - સંયુક્ત સેક્રેટરી
6. શ્રી પ્રશાંતભાઈ શુક્લ - ખજાનચી
7. શ્રી પરેશભાઈ પાઠક - સહ-ખજાનચી
8. શ્રી મૃણાલભાઈ દવે
9. શ્રી ભરતભાઈ જોશી
10. શ્રી તુષારભાઈ પ્રફુલ્લભાઈ જોષી
11. શ્રીમતી ઈલાબેન મરુતભાઈ શાહ
12. શ્રીમતી નિકિતાબેન બધેકા (શ્રી બળભદ્રભાઈ જોષી ના સુપુત્રી )
13. શ્રી વિહાંગભાઈ પાઠક
14. શ્રી દિલીપભાઈ જાની
15. શ્રી વ્યોમેશભાઈ મહેશભાઈ પાઠક
16. શ્રી હિમાંશુભાઈ જયંતીભાઈ શુક્લ
17. શ્રી ભૃગેશભાઈ વિનયભાઈ પાઠક ઉપાધ્યાય
18. શ્રીમતી નીતાબેન



- **શ્રી ઉમેશભાઈ બાલમુકુંદભાઈ જોષી** (ગોધરા)ની શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (માતૃસંસ્થા) પંચમહાલ જિલ્લાના જિલ્લા સંયોજક તરીકે નિમણુંક થવા બદલ અભિનંદન અને શુભેચ્છાઓ...

- સમસ્ત બ્રહ્મસમાજના નિઃશુલ્ક સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમમાં દાતા તરીકે શ્રીગૌડ સમાજના વડીલ સુશીલાબેન જોશીએ સેવા આપી હતી. તેઓ ૮૬ વર્ષની ઉંમરે જેસીસ, રોટરી, ભગિની સમાજ, બ્રહ્મ સમાજ જેવી અનેક સંસ્થાઓમાં સેવાઓ આપે છે. અભિનંદન.
- શ્રી સોળ ગામ શ્રીગૌડ મેડતવાળ બ્રાહ્મણ જ્ઞાતી સમાજનો સાતમો સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ તા.13/5/2022 ના રોજ પેથાપુર મુકામે યોજાનાર છે.



- **ડાકોરનું ગૌરવ :** વંશ હસિતકુમાર પાઠકે પ્રખરતા શોધ કસોટીમાં ૧૭૫મો ક્રમ મેળવ્યો છે તેમજ ખેલ મહાકુંભની અંદર ૧૭મી ચેસ સ્પર્ધામાં સમગ્ર તાલુકમાં પ્રથમ સ્થાને વિજેતા થયેલ છે. અભિનંદન અને શુભેચ્છાઓ.

- શ્રી ગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રહ્મ પરીવાર સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ, જ્ઞાતિનું ગૌરવ

  શ્રી ગુજરાતી શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ ભારદ્વાજ ગૌત્ર મહેતા પરીવારના શ્રી અશોકભાઈ નવલશંકર મહેતાના સુપુત્ર શ્રી મનનભાઈએ GSET ની એટલે કે આસિસ્ટન્ટ પ્રોફેસરની લાયકાત માટેની એકઝામ પાસ કરી છે. સર્ટિફિકેટ મેળવેલ છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ. ઉત્તરોત્તર પ્રગતિશીલ બની રહો તેવી શુભેચ્છાઓ.

- શ્રી મહાલક્ષ્મી મેડીકલ એન્ડ એજ્યુકેશન વેલફેર ટ્રસ્ટ કાલોલમાં સર્વરોગ નિદાન સારવાર મેડીકલ કેમ્પનું મહાલક્ષ્મી મંદિર પરિસરમાં તા. ૧૩-૦૩-૨૦૨૨માં સવારે ૧૦ થી ૨ માં આઠ ડૉક્ટર્સની હાજરીમાં આયોજન થયું. તેમાં ૪૫૪ પેશન્ટોને નિદાન અને મફત દવાઓનું વિતરણ કરવામાં આવ્યું. તેમાં કન્વીનર તરીકે ડૉ. સમીર એ. જોષી એ તેમની કારકિર્દીમાં કરેલા ૧૨૦૦ થી ૧૫૦૦ કેમ્પોનો અનુભવનો સુંદર લાભ પ્રાપ્ત થયો.



  આ કાર્યક્રમ નિષ્ણાંત સ્થાનિક ડૉક્ટર્સ અને વડોદરના ડૉક્ટરોએ સેવાભાવતી ખૂબ શ્રમદાન આપ્યું. કાર્યક્રમના વિશેષ સફળતામાં અને દાતાઓ તેમજ કાર્યકર્તાઓનો સુગમ સમન્વય દશ્યમાન થયો હતો. ટ્રસ્ટના પ્રમુખશ્રી સમીર પંડ્યા, મંત્રીશ્રી ભગવતી પ્રસાદ પાઠક અને સલાહકાર શ્રી ધ્રુવભાઈ ડી. જોષીનું યોગદાન વિશેષ ઉલ્લેખનીય છે.

॥ શ્રી હરિ : ॥

# હૃદયાંજલી



## શાસ્ત્રી હેમલત્તાબેન મધુસૂદન (ઉમરેઠવાળા)

**: જન્મ :**

**તા. ૧૩-૫-૧૯૫૩ વૈશાખ સુદ - ૭**

**: ગૌલોકવાસ :**

**તા. ૭-૩-૨૦૧૯ ફાગણ સુદ - ૧**

જ્ઞાતિ ગૌરવ સમ પરંપરાગત આંતરરાષ્ટ્રીય ભાગવત કથાકાર ગુજરાત સરકાર દ્વારા સન્માનિત શાસ્ત્રીજી રમણલાલ જ્યેષ્ઠારામ ઉમરેઠવાળાના રસપુત્ર મધુસુદનભાઈ ના ધર્મપત્ની – સેવાપુજામાં પરાયણ આતિથ્ય સત્કારમાં રત મિલનસાર સ્વભાવવાળા **ગૌ. વા. શાસ્ત્રી હેમલત્તાબેનની તૃતીય પુણ્યતિથી**એ તેમના જ સંસ્કારોને ઉજાગર કરનાર સુપુત્ર ડો. ભદ્રેશભાઈ એ સંસ્કૃતિ – પરંપરા અનુસાર બ્રહ્મભોજન, વસ્ત્રદાન વગેરે સત્કર્મ તથા સુહાસિની, બેન, ભણેજ વગેરે સત્કાર અને “આસ્થા ફાઉન્ડેશન” સંચાલિત શ્રી રમાબેન ઝવેરી – વૃધ્ધાશ્રમમાં રહેતા આશ્રિતોને નાસ્તો, ભોજન તથા ગૌ સેવા વગેરે પ્રેરણાદાયી કાર્યો કરીને માતૃશ્રીના સંસ્કારોને સાર્થક કર્યા હતા. આ સાંત્વન સુખાય માટેના સત્કર્મોમાં તેમના ધર્મપત્ની અ.સૌ. સેજલબેન તથા સુપુત્ર ચિ. દેવ પણ સહભાગી થયા હતા.

# શ્રદ્ધાંજલિ



**સ્વ. રમાબેન ઈન્દ્રવદન જોષી-ગોધરા, તા.૦૬-૧૧-૨૦૨૧ના રોજ દેવલોક પામ્યા છે,**
**જે માટે અમો સૌ ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.**

**સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી**
**વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી.**
**સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દીલમાં રાખી ગયા**
**હવે તમારી યાદો તમારો ખજાનો બની જાય છે**
**પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.**


આપના

ગં.સ્વ.જયશ્રીબેન ભૂપેન્દ્રભાઈ (૯૦૧૬૫૮૮૬૪૩)


| | | |
|---|---|---|
| શ્રી જોષી નરેન્દ્ર બ્રહ્મચારી | શ્રી ભદ્રેશભાઈ ત્રિવેદી | સ્વ. ઈન્દ્રવદન પ્રાણલાલ જોષી |
| શ્રી સનતભાઈ ત્રિવેદી | શ્રી મનોજભાઈ વી. જોષી | સ્વ. ભૂપેન્દ્રભાઈ નર્મદાશંકર જોષી |
| શ્રી કેતનભાઈ ત્રિવેદી | શ્રી તુષાર આર. જોષી | ચિ. મેઘાવીબેન મનનકુમાર |
| શ્રી ગોપાલભાઈ ત્રિવેદી | શ્રી કેક્ષ આર. જોશી | ચિ. આશ્કાબેન ભૂપેન્દભાઈ જોષી |

# દિવંગત થયેલ 'શ્રી' બંધુઓ

| | | |
|---|---|---|
| ભાનુમતિબેન શાંતિલાલ પંડયા | | ૧૨/૧૨/૨૦૨૧ |
| ઉમંગ કુમાર (ભરત કુમાર) પુરોહિત | | ૧૪/૦૧/૨૦૨૨ |
| અનિલભાઈ યોગેન્દ્રપ્રસાદ પાઠક | | ૨૪/૦૧/૨૦૨૨ |
| સાધનાબેન પ્રકાશકુમાર મહેતા | અમદાવાદ | ૨૫/૦૧/૨૦૨૨ |
| મહાવિદ્યાબેન કમલકિશોર પાઠક | અમદાવાદ | ૨૫/૦૧/૨૦૨૨ |
| ભારતીબેન પુરોહિત | અમદાવાદ | ૨૭/૦૧/૨૦૨૨ |
| જીગેશ શૈલેષકુમાર શુક્લ | વડોદરા | ૦૨/૦૨/૨૦૨૨ |
| અલકાબેન આર. પંડ્યા | | ૦૬/૦૨/૨૦૨૨ |
| કિરણબેન દિલીપકુમાર રાવલ | જુનાગઢ | ૦૮/૦૨/૨૦૨૨ |
| દીપકકુમાર બાલા શંકર જોશી | રાજકોટ | ૧૧/૦૨/૨૦૨૨ |
| વિદ્યાબેન દેવીપ્રસાદ પાઠક વડોદરા | વડોદરા | ૧૬/૦૨/૨૦૨૨ |
| કુસુમબેન લાલશંકર શુક્લ | વીરપુર | ૨૩/૦૨/૨૦૨૨ |
| કુસુમબેન લાલશંકર શુક્લ | વડોદરા | ૨૩/૦૨/૨૦૨૨ |
| કમલેશભાઈ એન પાઠક | વડોદરા | ૨૫/૦૨/૨૦૨૨ |
| મધુબેન નટવરલાલ પંડયા | પાવીજેતપુર | ૦૪/૦૩/૨૦૨૨ |
| નિરંજન મનસુખરામ દવે | કાંકણપુર | ૦૫/૦૩/૨૦૨૨ |
| શશીકાંત રેવાશંકર દવે | મુળ કાકણપુર | ૧૩/૦૩/૨૦૨૨ |
| રમાબેન કાન્તીલાલ દવે | જેઠોલી | ૧૧/૦૩/૨૦૨૨ |
| શાંતાબેન કાંતિલાલ શુક્લ | વીરપુર | ૧૩/૦૩/૨૦૨૨ |
| ગીરીશચંદ્ર મૂળશંકર પંડ્યા | લુણાવાડા | ૧૩/૦૩/૨૦૨૨ |
| ભગવતીબેન પ્રધ્યુમ્નભાઈ જોષી | | ૧૩/૦૩/૦૨૨ |
| પ્રદ્યુમ્ન બદ્રિનારાયણ જાની | અમદાવાદ | |
| હિતેશકુમાર સતિષભાઈ પંડ્યા | મહેમદાવાદ/નડીઆદ | ૧૯/૦૩/૨૦૨૨ |
| હેમાંગીની (હેમા) ચિરાયુ ત્રિવેદી | વડોદરા | ૨૦/૦૩/૨૦૨૦ |
| ઊર્મિલાબેન કિર્તનભાઈ પાઠક | અમદાવાદ | ૨૨/૦૩/૨૦૨૨ |
| ઉષાબેન હર્ષદરાય જોશી | | ૨૨/૦૩/૨૦૨૨ |
| ઉર્મિલાબેન કીર્તન ભાઈ પાઠક | અમદાવાદ | ૨૨/૦૩/૨૦૨૨ |
| અંજલિ અર્પિત દવે (સ્વ. જયેશ જયંતિલાલ શુક્લની દીકરી) | હાલ અમેરિકા | ૨૩/૦૩/૨૦૨૨ |
| રાજેશકુમાર મણિલાલ પાઠક | રમાસ, તા. બાયડ | ૦૨/૦૪/૨૦૨૦ |
| સરોજબેન અરવિંદભાઈ પાઠક | રાજકોટ | ૦૩/૦૪/૨૦૨૦ |
| કિરણકુમાર હરિપ્રસાદ પાઠક | ગોધરા | ૦૪/૦૪/૨૦૨૨ |



**દિવંગત થયેલ દિવ્યાત્માઓને**
**પ્રભુ શાશ્વત શાંતિ અર્પે એવી પ્રાર્થના.**
**ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ**



# ડો. નિર્જર ટી. શુક્લના લેખ ગર્ભ સંસ્કારના ગતાંકલેખથી આગળ...

આ લેખ માં આપણે જોઈશું કે એક વખત ગર્ભ ધારણ થઈ જાય પછી

1. સધ્યો ગર્ભધારણ એટલે કે ગર્ભધારણ થયા પછી તરત કયા લક્ષણ જોવા મળી શકે છે?
2. દૌહૃદયા એટલે શું?
3. ગર્ભવતી સ્ત્રી એ શું ધ્યાન રાખવાનું હોય છે.

આ ત્રણ વિષય ઉપર માહીતી મેળવીશું.

તો આચાર્ય સુશ્રુતના મતે જાણીયે કે સધ્યો ગર્ભધારણ એટલે કે ગર્ભધારણ થયા પછી તરત કયા લક્ષણ જોવા મળી શકે છે.

- શ્રમ અર્થાત થાક લાગવો આમાં થાક કોઈપણ જાતની શારિરીક ક્રિયા કર્યા વગર લાગે છે, કારણ કે કામ કરવાને લીધે થાક લાગવો સામાન્ય છે.
- ગ્લાની અર્થાત કોઈપણ જાતનું કામ કરવાનું મન ના થવું, એટલે કે, ખાલી બેસી રહેવું વધારે ગમે છે.
- પિપાસા અર્થાત તરસ વધારે લાગવી, ગરમી ને કારણે પણ તરસ વધુ લાગી શકે છે, આના કારણે આ લક્ષણ ને સીધે સીધુ ગર્ભધારણ સાથે જોડી શકાય નહી.
- પગ ભારે લાગવા, અર્થાત પગની અંદર ખાલી ચઢી ગઈ હોય તેવું લાગવું અથવા પગમાં સોજા આવવા. આમ થવાનું કારણ અશક્તિ હોઈ શકે છે.
- સ્તનમુખ જે એરીયોલા તરીકે ઓળખાય છે તેનો રંગ કૃષ્ણ વર્ણ થાય છે.
- અકારણ ચ્છર્દી અર્થાત કોઈપણ કારણ વગર ઊલટી એટલે કે Vomiting થવી.
- સુગંધ પણ સહન નથી કરી શકાતી.
- લાળ અર્થાત Salivation વધારે પડતી થાય છે.
- અંગ સદન અર્થાત શરીર માં કારણ વગર દુઃખાવો થવો.

પહેલાના સમયમાં જ્યારે અત્યાર જેવા આધુનીક ઉપકરણો નહતા જેના કારણે ઉપરોક્ત તમામ લક્ષણોનું ધ્યાન રાખવાથી કોઈ સ્ત્રી ગર્ભવતી છે કે નહી તે જાણી શકાતું હતું. પરતું હાલના આધુનીક સમયમાં વાત અલગ છે.

અત્યાર ના સમયમાં ગર્ભ ધારણ થયો છે કે નહી તે જાણવું ઘણું આસાન છે, કારણ કે ખાલી તમે યુરીન પ્રેગનેન્સી ટેસ્ટ કરી ને ઘરે પણ જાણી શકો છો, પરંતુ યુરીન પ્રેગનેન્સી ટેસ્ટ એ કાયમ સાચું હોતું નથી કારણ કે ઘણી વખત આ ટેસ્ટ ફોલ્સ પોસિટીવ અથવા ફોલ્સ નેગેટીવ આવી શકે છે, માટે જ્યારે તમારું માસીક

આવવાનું બંધ થાય ત્યારે સૌ પ્રથમ યુરીન પ્રેગનેન્સી ટેસ્ટ ઘરે કરી અને જાણવા પ્રયત્ન કરવો જોઇએ અને ત્યાર બાદ બીજા ૧૫ દિવસ પછી ગાયનેકોલોજીસ્ટ પાસે જઈ ને સોનોગ્રાફી કરાવવાથી કન્ફર્મ કરી શકાય છે કે તમે ગર્ભવતી છો કે નથી.

હવે આપણે જાણીએ કે આચાર્ય સુશ્રુતના મતે દૌહ્રદયા કોને કહેવાય

- જેની અંદર બે હ્રદય હોય છે, અર્થાત ગર્ભીણી સ્ત્રી કારણ કે ગર્ભવતી સ્ત્રી માં એક હ્રદય સ્ત્રીનું પોતાનું અને બીજું હ્રદય તે સ્ત્રી ના ગર્ભમાં રહેલા બાળકનું હોય છે અને તેની કોઈ ઈચ્છા પુર્ણ કરવામાં ન આવે તો તેની સિદ્ધિ અસર ગર્ભમાં રહેલા બાળક ઉપર થાય છે, આના કારણે આચાર્ય એ ગર્ભીણી સ્ત્રી ની શક્ય હોય તેટલી બધી ઈચ્છા પુર્ણ કરવા માટે સલાહ આપી છે. અને સાથે સાથે આચાર્યે એ વાતનું ધ્યાન રાખવા પણ કીધું છે કે ગર્ભીણી સ્ત્રી ની ઈચ્છા ગર્ભમાં રહેલા બાળક માટે નુકશાન કરતાં ન હોવી જોઈએ.
- હવે પ્રશ્ન એ થવો જોઈએ કે આચાર્ય એ આવું કેમ કીધું છે, આનું કારણ આપતા આચાર્ય કહે છે કે, ગર્ભ માં રહેલું બાળક તેની ઈચ્છાઓ તેની માતા દ્વારા વ્યક્ત કરે છે.
- ઘણી વખત દૌહ્રદયા ની ઈચ્છા દ્વારા એ જાણવા માં પણ મદદ મળે છે કે આવનારું બાળક કયા લક્ષણો વાળુ હશે.

ગર્ભવતી સ્ત્રી એ શું ધ્યાન રાખવાનું હોય છે?

- ગર્ભવતી સ્ત્રી એ સમાગમ પછી એ માની ને જ ચાલવાનું હોય છે કે તે ગર્ભવતી છે કારણ કે હાલના સમયમાં પણ કોઈ સ્ત્રી ગર્ભવતી છે કે નહી તે જાણતા ઓછામાં ઓછા ૧૫ થી ૨૦ દિવસ નો સમય લાગે છે, અને આ સમયમાં જો કદાચ ભુલથી પણ સ્ત્રી કોઈ એવું કાર્ય કરે જેના થી આવનાર બાળક ને તકલીફ પડે અથવા તો ગર્ભ સ્ત્રાવ થઈ જાય તેમ બની શકે છે. માટે જ આ ખુબ જરૂરી છે.
- ગર્ભવતી સ્ત્રી એ સૌ પ્રથમ તો પોષણ નું ખુબજ ધ્યાન રાખવાનું હોય છે, કારણ કે શરૂવાત ના સમય માં જો ગર્ભમાં રહેલા બાળક ને જરૂરી પોષણ ન મળે તો સંપુર્ણ ગર્ભાવસ્થા ઉપર આની વિપરીત અસર પડી શકે છે.
- ગર્ભવતી સ્ત્રી એ કોઈપણ સંજોગોમાં વધારે પડતું શારિરીક પરીશ્રમ કરવાનો નથી, વધુ પડતાં શારિરીક પરીશ્રમ થી શરૂવાત ના સમયમાં ગર્ભસ્ત્રાવ થવાની શક્યતાઓ વધી જાય છે.
- ગર્ભવતી સ્ત્રી એ માનસીક રીતે હમેશા પ્રફુલ્લિત રહેવાનું છે, કારણ કે, દુ:ખી થવાથી અથવા તો કલેશ કરવાથી હંમેશા વાત વૃધ્ધિ થાય છે અને તેના કારણે પણ ગર્ભસ્ત્રાવ ની શક્યતાઓ વધી જાય છે. અને પ્રફુલ્લિત રહેવાથી આવનાર બાળકનો વિકાસ ખુબજ સારો થાય છે તેવું એક રીસર્ચમાં જોવામળ્યું છે.

- ગર્ભવતી સ્ત્રી એ હમેશા માટે રાત્રી જાગરણ અર્થાત ઉજાગરા કરવાના નથી તેનાથી પણ વાત અને પીત્ત બંને ની વૃધ્ધિ થાય છે, જે ગર્ભસ્થ બાળક માટે સારૂ નથી.
- ગર્ભવતી સ્ત્રી એ દિવાસ્વપ્ન અર્થાત દિવસે વધારે સુવાનું નથી, કારણ કે દિવાસ્વપ્ન થી કફ વૃધ્ધિ થાય છે. જે આવનાર બાળક માટે સારું નથી.

ઉપરોક્ત કીધેલું કરવાથી ગર્ભવતી સ્ત્રી અને આવનાર બાળક બંને નું સ્વાસ્થ્ય સારું રહે છે અને સંપુર્ણ ગર્ભાવસ્થા માં કોઈપણ જાતની તકલીફ પડવાની શક્યતાઓ ઓછી થઈ જાય છે.

હવે આવતા લેખમાં આપણે દરેક માસે ગર્ભમાં બાળકની વૃધ્ધિ કઈરીતે થાય છે તેના વીશે માહીતી મેળવીશું. જેને માસાનુમાસીક ગર્ભ વૃધ્ધિ પણ કહેવાય છે.

વધુ જાણકારી તથા વેબ પરામર્શ અર્થાત Online consultation માટે સંપર્ક કરો.

**- ડો. નિર્જર ટી. શુક્લ**
**સદાશીવ ક્લિનિક, લુણાવાડા**

---

## કાવ્ય

**છે બધા પર્યાવરણની આત્મા સમા**
**વણ માંગે આપે અને સામે કદી ના માંગે**
**જાતે-જાતે જ પોતાને સાચવે**
**પગપાળા કે સાધનવાળા હોય હમેશાછાયાની શોધમાં**
**તેથી જ મન મૂકીને વાવો છોડ ઝાઝાં**
**માટી અને વર્ષારાણીની થાય જ્યારે દોસ્તી**
**છવાય ચોતરફ સુંગધ ની મસ્તી**
**સ્વને પામવા પર્યાવરણને અપનાવો**
**સ્વની ખોજમાં માં સાથે પર્યાવરણની મોજ માં**

**-માલિની પાઠક**

# ઈશ્વર

" રાજેશ સર,તમે ઈશ્વરને દેખ્યા છે.?"
મારા વિધ્યાર્થીઓ મને પૂછતાં હતાં. એ લોકો મારી સ્થિતિથી વાકેફ હતાં.

મેં જવાબ આપ્યો.
" હા,મારા ઘરમાં રસોઇ વાળા બેન માં, મારા તમામ બંગલાઓને સ્વછ રાખનાર ,
કામ કરનાર બેનોમાં,હું ઓશિયાળો ના બનું એ પિતામાં, મને અણીના સમયે આવી
મદદ કરનાર વ્યક્તિઓમાં, અને મને કડવી સલાહ આપી ,સાચા રસ્તે
ચલાવનાર સજ્જનોમાં મેં ઈશ્વરને જોયા છે."

પછી મેં એમને સરળ ભાષામાં સમજાવ્યું.
" ઈશ્વર કદી તમારી પાસે "કેમ ,મજામાં " કરી
આવવાના નથી. પણ એ દૂત સ્વરૂપે તમારા
મદદગારના દિલમાં વસી ..તમને મદદ કરે.
તમારું કામ પૂર્ણ થાય તો સમજવું કે ઈશ્વરનો
સંકેત શુભ છે. અને એ credit તમારી નથી.
એ ઈશ્વરની અદૃશ્ય હાજરી હતી.

પણ આ વાત મનુષ્ય સફળતાની આંધીમાં
સ્વિકારતો નથી.અને બીજું કામ તરતજ હાથમાં
પકડે છે. જે ટલ્લે પણ ચઢે.. કારણ આગળનું
અભિમાનનું ઋણ ઉતારવાનું બાકી છે. ..અને
આપણે ઝડપ કરી...હરિફાઈ માં ઉતરી પડયાં."

બસ આટલું જ સમજાવવા કેટલી કથાઓ,TV
પ્રોગ્રામો અને સાહિત્યો .. કોશિષ કરતાં હોય છે..
પણ મન માંકડું ઠરીને કોનું બેઠું ..અને બેસવાનું..
અને પછી ..પેપરમાં જાહેરાતની ભરમારને ...
લેભાગુઓના AC ના બિલ બારોબાર ભરાતા હોય છે....

- રાજેશ પંડ્યા " રાજ " Mob. 9428604119
(સ્વ રચિત)

# થોડું હસી લઈએ

સાયકલ ચલાવવી એ અર્થવ્યવસ્થા માટે હાનિકારક છે. આ વાત હાસ્યસ્પસ્પદ લાગે છે, પણ સત્ય છે :

✍ એક સાયકલ ચલાવનાર વ્યક્તિ દેશ માટે મોટી મુસીબત છે.

✍ કારણકે તે કાર નથી ખરીદતો.

✍ લોન નથી લેતો.

✍ કારનો વિમો નથી કરાવતો.

✍ પેટ્રોલ-ડિઝલ નથી ખરીદતો.

✍ એ કારની સર્વિસ નથી કરાવતો.

✍ અને કારના સ્પેરપાર્ટસ નથી ખરીદતો.

✍ એ પૈસા આપી ગાડી પાર્કિંગ નથી કરતો.

✍ એ ડ્રાઈવરને રોજગાર નથી આપતો.

✍ એ મોટા પેટનો નથી થતો.

✍ એ બિમાર પડતો નથી.

✍ જી હા...! એ સાચું છે કે અર્થવ્યવસ્થા માટે સ્વસ્થ વ્યક્તિ ઠીક નથી.

✍ એ દવાખાનામાં ડોક્ટર પાસે નથી જતો,

✍ એ દવાઓ નથી ખરીદતો,

✍ એ રાષ્ટ્રની GDP માટે કોઈ યોગદાન નથી કરતો,

તેનાથી ઉલટું...!

**એક FAST FOOD ની દુકાન 30 નોકરી ઉભી કરે છે :**

✍ 10 હૃદયનાં ડોક્ટર.

✍ 10 દાંતનાં ડોક્ટર.

✍ 10 વજન ઘટાડવાનાં ડોક્ટર, જિમ, અને તેને લગતી દવાઓનું વેચાણ વધારે છે.

પ્રમાણિકતા ભરી બુદ્ધિથી વિચારો અને પસંદ કરો, દેશની અર્થવ્યવસ્થા માટે કોણ ફાયદાકારક...!

**સાયકલ ચાલક કે પછી કાર ચાલક.**

**નોંધ :** પગે ચાલનારો તો આનાથી પણ ખતરનાક છે.

કેમકે... એતો સાયકલ પણ નથી ખરીદતો.

- સંપાદન તંત્રીશ્રી દ્વારા



# સદાશિવ

## આયુર્વેદિક ક્લિનીક

### પંચકર્મ એન્ડ એક્યુપંચર સેન્ટર

**ડૉ. તરૂણ શુક્લ**
બી.એસ.એ.એમ.

**ડૉ. નિર્જર ટી. શુકલ**
બી.એ.એમ.એસ., એફ.એ.જી.ઈ.
પીજી ડીપ્લોમા ઈન એક્યુપંકચર
પીજી સર્ટી ઈન પંચકર્મ

**શ્રીમા એન. શુક્લ**
એમ.એસ.સી. (1st Class)
બી.એ.એમ.એસ. (Cont.)

---

હાટડીયા બજાર, લુણાવાડા, જિ. મહીસાગર
સોમ થી શુક્ર સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮, શનિ ૯ થી ૧


---

૫-બી, શ્રુતિ કુંજ સોસાયટી, વિભાગ-૧, ઈલાજ મેડીકલ સ્ટોરની બાજુમાં,
જુના રેલ્વે ક્રોસીંગની પાસે, મણિનગર પૂર્વ, અમદાવાદ.
બીજો અને ચોથો શનિ - રવિ સવારે ૧૧ થી સાંજે ૭

**Mobile : +91 99799 56633  94296 18855**
**E-mail : shadashiv.ayurvedic.clinic@gmail.com**
**Website : www.shadashivayurvedic.in**

## ઉપલબ્ધ સારવાર







| | | | | | |
|---|---|---|---|---|---|
| વાળ અને ચામડીના રોગોની સારવાર | ચામડી લટકી પડવી (રીંકલ) માટેની એક્યુપંચરથી સારવાર | અલ્પ વિકસીત સ્તનના વિકાસ માટે અધતન મશીન દ્વારા સારવાર | ટાલમાં વાળ લાવવા માટેની સારવાર | વાળના ખોડાની સારવાર, ખરતા વાળ અટકાવવાની સારવાર | આયુર્વેદિક પંચકર્મ (વમન, વિરેચન, નસ્ય, બસ્તિ, રક્ત મોક્ષણ) |
| કોઈપણ આડઅસર વગર વજન ઘટાડવા માટેની ઉત્તમ સરાવાર | પ્રસુતિ પછી વધતા પેટ અટકાવવાની સારવાર | તમામ પ્રકારના જુના હઠિલા રોગોની ઉત્તમ આયુર્વેદિક સારવાર ઉપલબ્ધ | સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર | ઈચ્છિત સંતાન પ્રાપ્તિ માટે પુંસવનન કર્મ | સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર |